જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । સોમવાર । તા. ૨૮-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

દિલ્હીમાં રાષ્ટ્રપતિએ ત્રિરંગો ફરકાવી રાષ્ટ્રધ્વજને સલામી અર્પી

દેશભરમાં ૭૦મા ગણતંત્ર દિવસની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઇ

વડાપ્રધાન મોદીની સાથે દ.આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામ્ફોસા આ અવસરે ખાસ ઉપસ્થિત રહ્યા,દર વર્ષની જેમ આ વર્ષે પણ પરેડમાં આકર્ષક ટેબ્લો અને સૈન્યની વિવિધ પાંખની સલામી માર્ચ પાસ્ટના કાર્યક્રમો યોજાયા

ન્યુ દિલ્હી

૭૦માં ગણતંત્ર દિવસની રાષ્ટ્રીય આનબાનશાન સાથે નવી દિલ્હીમાં ઉજવણી કરવામાં આવી છે. રાજપથ માર્ગ પર આ અવસરે યોજાએલી પરેડ નિહાળવી દરેક ભારતીય નાગરિક માટે અનોકું આકર્ષણ બની રહેતી હોય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ પરેડ દરમિયાન આકર્ષક ટેબ્લો અને સૈન્યની વિવિધ પાંખની સલામી માર્ચપાસ્ટના ભવ્ય કાર્યક્રમ યોજાયાં હતાં.

૨૦૧૯ની પરેડ ૭ પોઈન્ટમાં

૧. શહીદ નઝીર વાણીને અશોક ચક્ર

લાંસ નાયક નઝીર અહમદ વાણીને મરણોપરાંત અશોક ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા છે. કાશ્મીરના કુલગામમાં વાણી એક સમયે આતંકીઓ સાથે હતા પરંતુ ૨૦૦૪માં તેઓ સેનામાં સામેલ થયા હતા. ગયા વર્ષે નવેમ્બરમાં શોપિયા એક્કાઉન્ટર દરમિયાન નઝીર શહીદ થઈ ગયા હતા. આ ઓપરેશનમાં છ આતંકીઓને મારવામાં આવ્યા હતા. અશોક ચક્ર શાંતિ કાળમાં આપવામાં આવતો સૌથી મોટો પુરસ્કાર છે.

૨. આઝાદ હિંદ ફોજના સેનાનીઓ પ્રથમવાર પરેડમાં સામેલ થયા

ગણતંત્ર સમારોહના ઈતિહાસમાં પહેલીવાર નેતાજી સુભાષ ચંદ્ર બોઝના આઝાદ હિંદ ફોજના ૪ સેનાની ૯૮ વર્ષના લાલતી રામ, ૯૯ વર્ષના પરમાનંદ, ૯૭ વર્ષના હીરા સિંહ અને ૯૫ વર્ષના ભાગમલ પરેડમાં સામેલ થયા હતા.

૩. સમગ્ર મહિલા ટૂકડી સામેલ થઈ

પેહીલાવર ૧૪૬ મહિલાઓની સમગ્ર ટૂકડી પરેડમાં સામેલ થઈ હતી. તેમનું નેતૃત્વ મેજર ખૂશ્બુ કંવરે કર્યું હતું. મણિપુરના ઉખરુલમાં મેજરના



પદ પર તહેનાત ખૂશ્બુ કંવરનો જન્મ જયપુરના શેખાવત પરિવામાં થયો હકો, ખૂશ્બુના પતિ રાહુલ પણ સેનામાં મેજર છે. એમબીએની વિદ્યાર્થી રહેલી ખૂશ્બુને શરૂઆતથી જ સેનામાં જવાની ઈચ્છા હતી. ૨૦૧૨માં તેમને કમીશન મળ્યું અને ૨૦૧૮માં તેઓ મેજર બન્યા.

૪ પહેલીવાર મહિલા જવાને પુરુષ ટૂકડીને લીડ કરી

લેફ્ટિનન્ટ ભાવના કસ્તૂરીએ પરેડમાં સમગ્ર પુરુષ ટૂકડી આર્મી સર્વિસ કોર્પ્સ (એએસસી)નું નેતૃત્વ કર્યું. ભાવના આવું કરનારા પ્રથમ મહિલા ઓફિસર બન્યા છે.

૫. ગાંધીજીની થીમ પર રહ્યો ટેબલો

આ વખતની પરેડમાં મોટા ભાગનો ટેબલોની થીમ મહાત્મા ગાંધી અને તેમના વિચારો રહ્યા છે. પશ્ચિમ બંગાળે ગાંધીજીની કોલકાતા યાત્રા, દિલ્હીએ ગાંધીજીના બિરલા હાઉસ પ્રવાસ, ગુજરાતે દાંડી યાત્રા, તમિલનાડુએ ગાંધીજીના પહેરવેશમાં બદલાવ અને મહારાષ્ટ્રએ ભારત છોડો આંદોલન દર્શાવ્યું હતું. ઉત્તરપ્રદેશના ટેબલામાં ગાંધીજીની વારાણસી યાત્રા બતાવવામાં આવી હતી. પંજાબના ટેબલામાં જલિયાવાલા બાગ નરસંહાર દર્શાવવામાં આવ્યો હતો.

૬. અમેરિકાથી આવેલી તોપ પહેલીવાર સામેલ થઈ

પરેડમાં યુદ્ધ ટેક ટી-૯૦ ભીષ્મ સામેલ કરવામાં આવી હતી. અમેરિકાથી ખરીદવામાં આવેલી એમ-૭૭૭ એ-૨ અલ્ટ્રાલાઈ હોવિત્ઝર તોપ પહેલીવાર પરેડમાં સામેલ થઈ છે. ડીઆરડીઓએ પરેડમાં મધ્યમ અંતરથી હવામાં હુમલો કરનારી મિસાઈલ અને રિકવરી વાહન અર્જુનને પહેલીવાર સામેલ કરવામાં આવ્યા હતા. પરેડમાં મદ્રાસ રેજીમેન્ટ, રાજપૂતાના રાઈફલ્સ અને શીખ રેજીમેન્ટે પણ સલામી આપી.

૭. દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ મુખ્ય અતિથિ

ગણતંત્ર દિવસ પરેડમાં આ વર્ષે દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સાઈરિલ રામફોસા મુખ્ય અતિથિ બન્યા હતા. સમારોહમાં તેમની પત્ની પણ સામેલ થઈ હતી.

ગણતંત્ર દિવસની પરેડમાં મધ્યપ્રદેશ, છત્તીસગઢ,રાજસ્થાને ભાગ ન લીધો

ન્યુ દિલ્હી

દેશભરમાં ૭૦માં ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રાજપથ દુનિયાભરમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું હતું. દેશ વિદેશના નેતાઓ અને ભારતના પ્રમુખ નેતાઓની હાજરીમાં અહીં શોર્ય અને શક્તિનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ત્રણ રાજ્યોની ચૂંટણીમાં મળેલો બદલો પણ લઈ લીધો હતો. ગણતંત્ર દિવસની પરેડમાં આ વખતે મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાન ન દેખાતા સૌ હેરાન રહી ગયા હતા. એવામાં કોંગ્રેસે નરેન્દ્ર મોદી પર ત્રણ રાજ્યોની ચૂંટણીનો બદલો લીધો હોવાનો આરોપ લગાવ્યો હતો. આ સંબંધે મધ્યપ્રદેશ કોંગ્રેસે ટ્વીટ કરી વાર કર્યો હતો. જણાવી દઈએ કે ડિસેમ્બર ૨૦૧૮માં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ ત્રણ રાજ્યોમાં હારી ગયું હતું.

વારાણસી કોંગ્રેસના કાર્યકરોએ રાહુલ ગાંધીને પત્ર લખ્યો

પીએમ મોદી સામે પ્રિયંકા ગાંધી ચૂંટણી લડશે તો તેમની ડિપોઝિટ પણ જપ્ત થશે

વારાણસી

કોંગ્રેસ મહાસચિવ અને પૂર્વાંચલનાં પ્રભારી પ્રિયંકા ગાંધીનાં રાજકારણ પ્રવેશથી કોંગ્રેસનાં કાર્યકર્તાઓમાં નવો જ જોમ અને જુસ્સો રેડાયો છે. કોંગ્રેસ કાર્યકરોની લાંબા સમયની માગ પુરી થઈ છે. આજે વારાણસી કોંગ્રેસનાં કાર્યકરોએ રાહુલ ગાંધીને પત્ર લખીને પ્રિયંકાને વારાણસી લોકસભા બેઠક પરથી ચૂંટણી લડાવવાની વાત કરી છે. પ્રિયંકા ગાંધીને વારાણસી બેઠક પરથી ચૂંટણી લડાવવાની માગ કરતો એક પ્રસ્તાવ વારાણસી જિલ્લા કોંગ્રેસે પારિત કર્યો છે. જેની જાણ પક્ષનાં શીર્ષસ્થ નેતૃત્વને કરવામાં આવી છે.

પ્રિયંકા ગાંધીની રાજનિતીમાં એન્ટ્રી થઈ ત્યારથી તેમનાં ચૂંટણી લડવા પર અનેક અટકળો ચાલી રહી છે. આ તમામ અટકળો વચ્ચે વારાણસી જિલ્લા કોંગ્રેસ સમિતીએ પક્ષનાં મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાને વારાણસી સીટ પરથી લોકસભા ચુંટણી લડાવવાની માગ કરતો પત્ર લખ્યો છે. જે પત્ર રાહુલ ગાંધીને મોકલી અપાયો છે.

તાજેતરમાં જ વારાણસી શહેર અને જિલ્લા કોંગ્રેસ સમિતીની સંયુક્ત બેઠક મળી હતી. જેમાં આ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં પક્ષનાં તમામ આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકરો એ વાત પર સહમત થયા હતા કે વારાણસી થી પ્રિયંકા ગાંધીએ જ ચૂંટણી લડવી જોઈએ. ત્યારબાદ આ મામલે એક પ્રસ્તાવ પારિત કરીને તેની જાણ પક્ષ પ્રમુખને કરી દેવામાં આવી હતી. જિલ્લા કોંગ્રેસનાં આગેવાનોનું કહેવું છે કે જો પ્રધાનમંત્રી મોદી સામે પ્રિયંકા ગાંધી ચૂંટણી લડશે તો વડાપ્રધાન મોદીની ડિપોઝીટ પણ જપ્ત થશે. જો કે વારાણસી બેઠક પરથી મોદી વિરુદ્ધ પ્રિયંકાને ચૂંટણી લડાવવાની વાત કોઈ પહેલી વખત નથી. અગાઉ પણ અનેક વખત આ મુદ્દો જોરશોરથી ચાલ્યો છે.

સુપ્રિમ કોર્ટ રામ મંદિર મુદ્દે નિર્ણય ન લઈ શકે તો અમને સોંપી દે ૨૪ કલાકમાં ઉકેલી દઈશુ

લખનઉ

સીએમ યોગી આદિત્યનાથના મતે હવે રામ મંદિર નિર્માણના મુદ્દે લોકોની ધીરજ ખુટી રહી છે. જો સુપ્રીમ કોર્ટ તેનો હલ ના કાઢી શકતું હોય તો આ જવાબદારી અમને આપી દે, અમે ૨૪ કલાકમાં આ વિવાદનો ઉકેલ લાવી દઈશું. સીએમ યોગી આદિત્યનાથે એક ઈન્ટરવ્યૂમાં આ નિવેદન આપ્યું હતું.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઇડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઇચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. જાહેરાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આવકમાંથી ચુકવવા જશો, જે માટે સાથે ડેશબોર્ડ કોપ્યુટર પરથી આપ સમજુ શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકલ્પ્રા ઉન્નમ મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૫૫૦/- (ઓટો મોડની કપાવી) આપની કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે સાથે ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (ઓટો મોડની કપાવી) આપની કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે સાથે ૩૩૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોક મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

૭૦માં પ્રજાસત્તાક દિન પર્વની રાજયકક્ષાની ઉજવણી ગુજરાત રાજયના બનાસકાંઠા જીલ્લાના પાલનપુર વડા મથકે રાખવામાં આવી



૨૬મી જાન્યુઆરી ૨૦૧૯ના ૭૦માં પ્રજાસત્તાક દિનના પર્વની રાજયકક્ષાની ઉજવણી ગુજરાત રાજયના બનાસકાંઠા જીલ્લાના પાલનપુર વડા મથકે રાખવામાં આવેલ. જેમાં ગુજરાત રાજયના જીલ્લાઓમાંથી અલગ અલગ સુરક્ષા દળના પ્લાટુનો પરેડ સારૂ આવેલા. જેમાં મહેસાણા જીલ્લા તરફથી મહીલા પ્લાટુનનો આ કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવેલ.આ ઉજવણી નિમિત્તે તમામ જીલ્લાઓમાંથી આવેલ પ્લાટુનો દ્વારા પરેડ માર્ચ કરવામાં આવેલ. આ પરેડ માર્ચમાં મહેસાણા જીલ્લાના મહીલા પ્લાટુને એક સરખુ માર્ચ પાસ્ટ કરી ઉત્કૃષ્ટ અને પ્રસંશનીય દેખાવ કરી રાજયસ્તરે દ્વિતિય (બીજો) ક્રમ મળતા ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલ અને માનનીય મુખ્યમંત્રી દ્વારા ટ્રોફી એનાયત કરવામા આવેલ. મહિલા પોલીસ દ્વારા મહેસાણા જીલ્લા પોલીસ દળનું ગૌરવ વધારેલ છે.

જખૌ ગામમાં હારજીતનો જુગાર રમતા છ જુગારીઓ પકડાયા



ભુજ કચ્છ: ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક વી.કે.ખાંટના માર્ગદર્શન હેઠળ જખૌ પો.સ્ટે.ના પીએસઆઈ આર.યુ.ઝાલા તથા એ.એસ.આઈ. કાન્તુભાઈ પટેલ,ધવલકુમાર સેંધલ,ઉમેશકુમાર નકુમ,કિરીટસિંહ વાઘેલા વિગેરે પેટ્રોલીગમા હતા તે દરમ્યાન પો.કો. ધવલકુમાર સેંધલની હકિકત આધારે જાહેરમાં ગંજીપાના વડે તીન પતીનો પૈસાની હારજીતનો જુગાર રમતા દરોડા દરમિયાન છ ઈસમો (૧) રમેશભાઈ ટોકરશી શાહ ઉ.વ.૬૬ (૨) નિતીનભાઈ લક્ષ્મણભાઈ બાવાજી ઉ.વ.૩૩ (૩) સુલતાન સતાર કેર ઉ.વ.૨૨ (૪) નવુભા કલ્યાણજી અબડા ઉ.વ.૩૨ (૫) ભીખુભા જીવણજી અબડા ઉ.વ.૪૦ (૬) પ્રફુલભાઈ મેઘજી શાહ ઉ.વ.૫૧ રહે, તમામ જખૌ તા-અબડાસા વાળાઓના કબ્જામાથી રોકડા રૂ.૧૧૬૮૦/- તથા મોબાઈલ નંગ-૦૪ તથા મો.સા.-૧ એમ કુલ્લે મુદામાલ રૂ.૩૩૬૮૦/- સાથે જુગાર રમતા પકડી પાડી ધોરણસર અટક કરેલ છે.

૭૦ માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે બોટાદ જીલ્લા કક્ષાનો ધ્વજવંદનનો કાર્યક્રમ રાણપુર ખાતે ઉજવાયો



કલેક્ટરશ્રી સુજીતકુમારે તિરંગો લહેરાવી પોલીસ પરેડ નુ નિરીક્ષણ કર્યુ મોટી સંખ્યામાં જીલ્લાવાસીઓ હાજર રહ્યા

બોટાદ જીલ્લાના રાણપુર ખાતે ૨૬ મી જાન્યુઆરીના જીલ્લા કક્ષાનો ધ્વજવંદન નો કાર્યક્રમ યોજાયો હતો જેમાં બોટાદ જીલ્લા કલેક્ટરશ્રી સુજીતકુમાર દ્વારા તિરંગો લહેરાવી સલામી આપવામાં આવી હતી રાણપુરમાં મોડેલ સ્કુલ પાસેના મેદાન માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી બોટાદ જીલ્લા કલેક્ટરશ્રી સુજીતકુમાર એ રાષ્ટ્રભક્તિના અનોખા માહોલ વચ્ચે રાષ્ટ્રધ્વજ લહેરાવી સલામી આપવામાં આવી હતી કલેક્ટરશ્રી સુજીતકુમાર દ્વારા પોલીસ પરેડ નુ નિરક્ષણ કરવામાં આવ્યુ હતુ આ પ્રસંગે વિવિધ વિભાગો દ્વારા સરકારની યોજનાઓ અને લોકકલ્યાણની પ્રવૃત્તીઓની ઝાંખી દર્શાવતા ટેબ્લો પણ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા જયારે રાણપુરની સી.એસ.ગદાણી હાઈસ્કુલ,ગીતાંજલી સ્કુલ,જન્મભુમિ હાઈસ્કુલ, સર્વોદય સ્કુલ સહીત અલગ અલગ સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિનો સંદેશ પાઠવતો સાંકૃતિક કાર્યક્રમ યોજાયો હતો સાથે વૃક્ષારોપણ ના કાર્યક્રમમાં અલગ અલગ પ્રકારના વૃક્ષો નુ મહાનુભાવો ના હસ્તે રોપાણ કરવામાં આવ્યુ હતુ કલેક્ટરશ્રી સુજીતકુમાર દ્વારા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાજર તમામ લોકોને ઉદબોધન કરવામાં આવ્યુ હતુ અને બોટાદ જીલ્લા કલેક્ટર સુજીતકુમાર દ્વારા રાણપુર તાલુકાના વિકાસ માટે ૨૫ લાખ રૂપિયા નો ચેક રાણપુર તાલુકા વિકાસ અધિકારી મિહીકાબેન પરમાર ને આપવામાં આવ્યો હતો પ્રજાસત્તાક પર્વ ના કાર્યક્રમમાં બોટાદ જીલ્લા કલેક્ટરશ્રી સુજીતકુમાર ના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યુ હતુ જેમાં જીલ્લા વિકાસ અધિકારી આશિષકુમાર,બોટાદ એસ.પી.હર્ષદ મહેતા,બરવાળા પ્રાંત અધિકારી,રાણપુર તાલુકા વિકાસ અધિકારી મિહીકાબેન પરમાર,રાણપુર મામલતદારશ્રી,રાણપુર ગ્રામ પંચાયતના સરપંચ અબાસભાઈ ખલાણી,પુર્વ.સરપંચ જીવાભાઈ રબારી,રાણપુય એ.પી.એમ.સી.ના ચેરમેન નરેન્દ્રભાઈ દવે,કનકબેન છાપરા,ડો.ધરાબેન ત્રીવેદી,દલીત સમાજના આગેવાન પ્રકાસભાઈ મકવાણા સહીત બોટાદ જીલ્લાના અનેક આગેવાનો સહીત રાણપુર શહેરના તથા જીલ્લાવાસીઓ મોટી સંખ્યા માં પ્રજાસત્તાક પર્વ ના કાર્યક્રમમાં હાજર રહ્યા હતા

ગાંધીધામ સનરાઈઝ ગ્લોબ્લ સ્કુલમાં વાષિકેં ઉત્સવ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયો



ચિફ ગેસ્ટ તરીખે આદીશ પઠાનીયા એરીયા રેલ્વે જનરલ મેનેજર ગાંધીધામ ખાસ ઉપસ્થિત રહ્યા હતા,

ગાંધીધામ સનરાઈઝ ગ્લોબ્લ ઈગ્લિશ મિડીયમ વિદ્યાલયનો દર વર્ષે ની જેમ યોજાતો ત્રિજો એન્યુઅલ ડે કાયેક્રમ યોજાયો. સનરાઈઝ ગ્લોબ્લ સ્કુલના પટાગણમાં આયોજિત આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે આદીશ પઠાનીયા (એરીયા રેલ્વે જનરલ મેનેજર ગાંધી ધામ), અમિત ભારદ્વાજ નિધી ભારદ્વાજ (ટસ્ટી) નવનિતા રાઠી (સામાજિક અગ્રણી) જે.પી, જોષી, મનીષગાલા, જયદીપ વાઢીયા, વગેરે મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહાયા હતા, આ ઉપરાંત અન્ય આમંત્રિત મહેમનોમાંની ઉપસ્થિતિમાં વાર્ષિકોત્સવમાં ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ જુદી જુદી કૃતિઓ રજૂ કરીને લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા .જેમાં માતુજે સલામ.લેજડ શહીદ ભગત સિંહ,મધેસ દ્વારા કાલાચશમાં અન્ય ડાન્સ કરીને ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા, શાળાના ટોપર વિદ્યાર્થીઓને શિલ્ડએનાયત કરાયા હતા શાળાના વિદ્યાર્થીઓ ઉપરાંત વાલીગણ ઉપસ્થિત રહયા હતા સંસ્થાના પ્રિન્સિપાલ અજું કુમારી સમગ્ર કાર્યક્રમ સફળબનાવ સ્ટાફ સાથે મળી ને ભારે જહેમત ઉઠાવી હતી.

સુરત ઈન્ટરનેશનલ ઓટો એક્સ્પોમાં વિન્ટેજ કારે ભારે આકર્ષણ જમાવ્યું

વિશ્વમાં ભારત ફોર્થ લાર્જેસ્ટ ઓટો સેલર બન્યો છે : પી.કે.ઝા

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર અને ઉદ્યોગ કમિશનરશ્રી, ગુજરાત સરકારના સંયુકત ઉપક્રમે ભસુરત ઈન્ટરનેશનલ ઓટો એ૧પો-૨૦૧૯ભનો ઉદ્ઘાટન સમારોહ સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલએકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટરખાતે યોજાયો હતો. જેમાં અતિથિ વિશેષ તરીકે નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ (એન.એસ.આઈ.સી., અમદાવાદ)ના ઝોનલ જનરલ મેનેજર શ્રી પી.કે. ઝા તથા માનનીય સાંસદ શ્રી સી.આર. પાટીલ અને શ્રીમતી દર્શનાબેન જરદોશ તેમજ કામરેજના વિન્ટેજ કારના પ્રિઝર્વર એન્ડ કન્ઝર્વેટર શ્રી કે.કે. પટેલ અને યસ બેન્કના પ્રેસિડેન્ટ શ્રી અર્જુન ક્રિષ્ણન અને એકઝીકયુટીવ વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ખુશરો અંકલેશ્વરીયા ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ તમામને આવકાર્યા હતા અને પ્રારંભીક ઉદ્બોધન કર્યુ હતુ. તેમણે કહયુ હતુ કે ચેમ્બર દ્વારા યોજાતા ઔદ્યોગિક પ્રદર્શનોની વિવિધ શ્રેણીઓ વચ્ચે ઓટો એ૧પો શ્રેણીનુ આ પાંચમુ પ્રદર્શન છે. ગુજરાત જયારે ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીના હબ તરીકે પ્રસ્થાપિત થઈ રહયું છે ત્યારે દક્ષિણ ગુજરાત કન્ઝયુમર તરીકે લીડર છે. ઓટો એ૧પો જેવા એક જ પ્લેટફોર્મ ઉપર ફોર વ્હીલ્સ અને ફોર વ્હીલ્સમાં આટલી બધી વેરાયટી જોવા મળતી હોયતો દક્ષિણ ગુજરાતની ઓટો ઈન્ડસ્ટ્રીનું સદ્ભાગ્ય છે.

નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના ઝોનલ જનરલ મેનેજર શ્રી પી.કે. ઝાએ જણાવ્યુ હતુ કે વિશ્વમાં ભારત ફોર્થ લાર્જેસ્ટ ઓટો સેલર બન્યો છે. વર્ષ ૨૦૧૬-૧૭માં મંદીના માહોલમાં પણ ભારતમાં ચાર લિમ્બોર્ધીની વેચાઈ હતી. ફાર્માસ્યુટીકલ અને ઓટો સેકટરમાં ભારતે ખૂબ જ પ્રગતિ કરી છે. જેને કારણે દેશનો જીડીપી ગ્રોથ વધ્યો છે અનેઈકોનોમિકલ ડેવલપમેન્ટ પણ થયુ છે. ચેમ્બરના ઓટો એ૧પોના ફર્સ્ટ વર્ઝનમાં પણ અમે હતા. ઓટો એ૧પો સુરતમાં સફળતા શીખરે પહોંચ્યુ છે અને બ્રાન્ડ બની ગયુ છે. ગુજરાત માટે સૌથી મોટુ પ્રદર્શન છે. આથી ચેમ્બરને અમે શુભેચ્છા પાઠવીએ છે.

સાંસદ શ્રી સી.આર. પાટીલે ચેમ્બરને શુભકામના પાઠવતા જણાવ્યુ હતુ કે, ઔરંગાબાદમાં એકસાથે ૧૫૦ જેટલી મર્સિડીઝ વેચાઈ હતી. આથી સુરતમાં પણ એકસાથે ૧૦૦ જેટલી ફરારી વેચાય એ દિશામાં આ ઓટો એ૧પોને લઈ જવાનુ છે.

સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશે જણાવ્યુ હતુ કે, દેશમાં દિલ્હી બાદ બીજા ક્રમે સુરતમાં ઓટો એ૧પોનું આયોજન કરવામાં આવી રહયુ છે. ચેમ્બર, આ ઓટો એ૧પોમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી રહયુ છે. હવે તો સુરતમાં પહેલી મોંઘી ગાડી કોણ લાવશે તેની હોડ લાગી રહી છે. સુરતમાં ગાડીઓ વધશે તોસુરતની સમૃદ્ધિમાં વધારો થશે.

કામરેજના વિન્ટેજ કારના પ્રિઝર્વર એન્ડ કન્ઝર્વેટર શ્રી કે.કે. પટેલે જણાવ્યુ હતુ કે તેમની પાસે ૧૬૮ જેટલી વિન્ટેજ ગાડીઓનું કલેકશન છે. જેમાંથી ૧૨ વિન્ટેજ કાર આ ઓટો એ૧પોમાં પ્રદર્શનમાં મુકવામાં આવી છે. આ બધી જ વિન્ટેજ કાર ચાલુ કન્ડીશનમાં છે. એના સ્પેરપાર્ટ્સ માત્ર લંડન અને અમેરિકામાં જ મળી રહે છે. યસ બેન્કના એકઝીકયુટીવ વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ખુશરો અંકલેશ્વરીયાએ યશ બેન્કની એમએસએમઈસર્વિસ વિશે માહિતી આપી હતી.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી કેતન દેસાઈએ આમંત્રિત મહેમાનો તથા ઉપસ્થિત તમામનો આભાર માની ઉદ્ઘાટન સમારોહનું સમાપન કર્યુ હતુ.

ઓટો એક્સ્પોમાં નવી પાંચ કાર લોન્ચ કરાઈ

ચેમ્બર દ્વારા યોજાયેલા સુરત ઈન્ટરનેશનલ ઓટો એ૧પો ૨૦૧૯માં પાંચ નવી કારોને લોન્ચ કરવામાં આવી હતી. ઓટો એ૧પોમાં અતિથિ વિશેષ તરીકે પધારેલા શ્રી પી.કે. ઝા તથા માનનીય સાંસદ શ્રી સી.આર. પાટીલ અને શ્રીમતી દર્શનાબેન જરદોશના વરદ હસ્તે નવી પાંચ કારોનું લોન્ચીગ કરવામાં આવ્યુ હતુ. આ કારોમાં ટાટા કંપનીની HARRIER મહેન્દ્રા કંપનીની XUV 300 N8, BMW X4, નિસાન કંપનીની WAGON Rને મારૂતી કંપનીની ધબનફ્રદ ચને લોન્ચકરવામાં આવી હતી.

૭૦ માં પ્રજાસત્તાક દિન ની ઉજવણી

જયારે પૂરો દેશ ૭૦ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવા જઈ રહ્યો ત્યારે શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રયના મંદબુધ્ધિના બાળકો કેવી રીતે રહી શકે તેવી અભિલાષા સાથે બાળકો માં દેશપ્રેમ ની ભાવના જગાવવા રાષ્ટ્રના આવા તહેવારની ઉજવણી સંસ્થાના મંદબુધ્ધિના બાળકો તથા સંસ્થાના કર્મચારીઓ દ્વારા પ્રજાસતાક દિનની ઉજવણી કરવામાં આવી જેમાં ઉપસ્થિત મહાનુભાવો મંત્રી શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય જિતેન્દ્રભાઈ જોશી ના હસ્તે ધજ ફરકાવી સલામી આપવામાં આવી હતી તેમજ અખિલ ભારતીય નવયુગ સંસ્થાના અધ્યક્ષ પ્રફુલભાઈ પટેલ તેમજ ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ ના સેક્રેટરી તેમજ સ્ટાફ તેમજ ફ્રેન્ડ્સ યુવા સેવા ગ્રુપ હાજર રહયા હતા આ પ્રસંગે મહર્ષિ ગુરુકુલના વિધ્યાર્થીઓ દ્વારા મંદબુધ્ધિના બાળકો સાથે કેક કાપીને પ્રજાસત્તાક દિનની ઉજવણી કરી હતી સાથોસાથ સંસ્થા ના તમામ કર્મચારીઓ દ્વારા મંત્રી શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય જિતેન્દ્રભાઈ જોશીનું સાફો બાંધીને સન્માન કરવામાં આવ્યું હતું તેમજ મંદબુધ્ધિના બાળકો દ્વારા દેશ ભક્તિના ગીતો ઉપર પર્ફોર્મન્સ આપવામાં આવ્યું હતું આ કાર્યક્રમ નું સફળ સંચાલન જગદીશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું અને કાર્યક્રમને સફળ બનાવવા તમામ કર્મચારીઓ જહેમત ઉઠાવી હતી.

"રાષ્ટ્રીય મતદાતા દિવસ"ની સુરત જિલ્લાકક્ષાની ભવ્ય ઉજવણી

સૌને મતદાન કરવાનો અનુરોધ કરતા જિલ્લા ચૂંટણી અધિકારી ડૉ. ધવલ પટેલ

સુરત

સમગ્ર ભારતભરમાં મતદારો વધુને વધુ મતદાન કરવા પ્રત્યે જાગૃત બનીને મતદાન કરે તેવા ઉદેશ સાથે ભારતીય ચૂંટણી પંચ દ્વારા ૨૫ જાન્યુઆરીના દિવસને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત સુરત જિલ્લાકક્ષાનો સમારોહ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી ધવલ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

શહેરની પી.ટી.સાર્વજનિક કોલેજ ખાતે યોજાયેલા સમારોહમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ડો.ધવલ પટેલે દરેક ચૂંટણીમાં સૌ કોઈ મતદારોને નિર્ભયતાપૂર્વક, કોઈ પણ ભાષા, જાતિ કે અન્ય પ્રલોભનોથી પ્રભાવિત થયા વિના મતદાન કરવાનો અનુરોધ કર્યો હતો. દરેક મતદાતા મતદાન કરીને લોકશાહીને વધુ મજબુત અને સશકત બનાવવા માટે પોતાનું અમૂલ્ય યોગદાન આપે તે જરૂરી છે. ખાસ કરીને ૧૮ થી ૨૦ વર્ષના યુવાનોને પોતાનું નામ મતદાન લિસ્ટમાં નોંધાવી મતદાન કરવાની હિમાયત કરી હતી. દિવ્યાંગ મતદારોને ચુંટણીના સમયે મતદાન માટે આસીસ્ટન્ટની જરૂરીયાત હોય તો તેની પણ વ્યવસ્થા ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

આ વેળાએ ૧૮ વર્ષ પૂર્ણ કરીને પ્રથમ વાર મતદાન કરનાર યુવા મતદારો શ્રી આદર્શ શુકલા અને પ્રિયા ગુપ્તાએ પોતાના પ્રતિભાવો આપતા જણાવ્યું હતુંકે, કેટલાક મતદારો એવુ વિચારતા હોય છે કે, મારા એક મતથી શું થવાનું ? પણ એક મતનું મૂલ્ય આંકી શકાય તેમ નથી. દરેક મતદારો પોતાની જવાબદારી સમજી મતદાન કરી લોકશાહીને મજબુત કરવાની હાંકલ આ યુવા મતદારોએ કરી હતી.

આ પ્રસંગે ભાવિ મતદાર કુ.વિશ્વા ચૌધરીએ જણાવ્યું હતું કે, મતદારો પોતાના સ્વભાવને અનુલક્ષીને સૂજબુઝ, ઈમાનદારીથી મતદાન કરીને ભારત દેશના ભવિષ્ય વધુ ઉજવળ અને મજબુત કરી શકે છે. બંધારણે આપણને આપેલ મતદાનનો અમૂલ્ય હક્ક આપ્યો છે જે થકી આપણે મતદાન કરી અજાણ લોકોને જ્ઞાન પીપાસા તરફ દોરી જવાનું કાર્ય કરવાનો મત ભાવિ મતદાર કુ.વિશ્વાએ વ્યક્ત કર્યો હતો.

સ્વાગત પ્રવચન કરતા મતદાર નોંધણી અધિકારી અને સીટી પ્રાંત અધિકારીશ્રી પી.આર.જાનીએ સુરત જિલ્લાની ૧૬ વિધાનસભામાં આગામી લોકસભામાં વધુમાં વધુ મતદાન થાય તે માટે સૌને સાથે મળીને કાર્ય કરવાની હિમાયત કરી હતી.

નોંધનીય છે કે, ૨૫મી જાન્યુઆરી રાષ્ટ્રીય મતદાતા દિવસને ભારતીય ચુંટણી પંચ 'TO BE LEFT BEHIND'ની થીમ પર ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સમારોહમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર મતદાર નોંધણી અધિકારીઓ, મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ, નાયબ મામલતદારો, બી.એલ.ઓ. તેમજ મતદાન પ્રત્યેની સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ કૃતિઓ રજુ કરનારા વિદ્યાર્થીઓને પ્રશસ્તિપત્ર આપીને સન્માનિત કરાયા હતા. આ વેળાએ મતદાર નોંધણી અધિકારી સર્વશ્રી આર.આર.બોરડ, બી.આર.આહીર, એ.જી.વાઘેલા, જિલ્લા શિક્ષણાધિકારી તેમજ મોટી સંખ્યામાં મદદનીશ મતદાર અધિકારીઓ, નાયબ મામલતદારશ્રીઓ, બી.એલ.ઓ. મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીધામ ખાતે વેસ્ટર્ન રેલ્વે ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરાયું



આ ટુર્નામેન્ટમાં આઠ ટીમોએ ભાગ લીધો,આ ટુર્નામેન્ટના મુખ્ય મહેમાન તરીકે વેસ્ટર્ન રેલવેના આદીશ પઠાનીયા એ આર એમ ઉપસ્થિત રહ્યા

ગાંધીધામ રેલવે ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ટી ૨૦ક્રિકેટ ટુર્નામેન્ટ ક્રિકેટ ટુનામેન્ટ જેમાં રેલવેની આઠ ટીમોએ ભાગ લીધો હતો આ ટુર્નામેન્ટ ૨૭. ૧ .૨૦૧૯ થી ૩૦.૧.૨૦૧૯ સુધી ૨માશે જેમાં રેલવેના .કમાચારીઓ ભાગ લેશે આ ટુર્નામેન્ટમાં મુખ્ય મહેમાન તરીકે વેસ્ટર્ન રેલવેના એ આર એમ આદીશ પઠાનીયા તથા સોરવકુમાર ડીઈ એમ,વે,રેલ્વે, યોગેશ કુમાર ,મહેશ કુમાર અને અન્ય અધિકારીઓ અને મહાનુભાવો આ ટુર્નામેન્ટમાં નિહાળવા ઉપસ્થિત રહ્યા હતા આ ટુર્નામેન્ટમાં ભારે ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો અને આ ટુર્નામેન્ટને સફળ બનાવવા કર્મચારીઓ ભારે જહેમત ઉઠાવી હતી આ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર ટીમ ને આશ્વાસન ઇનામ વિજેતા /રનસેપ ટીમને ટ્રોફી તથા મેન ઓફ ધ સીરઝ, મેન ઓફ ધ મેચ, જેવા પુરસ્કાર એનાયત કરવામાં આવસે, આ ટુર્નામેન્ટના માં આજે પહેલા દીવસે એમ્પાયર તરીકે ધમેન્દ ભાઈ, કોમેન્ટેટર તરીકે ભરતભાઈ સેવા આપી હતી, સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવાકર્મચારીઓ - અધિકારીઓ ભારે જહેમત ઉઠાવી હતી.

ઓલ ઇન્ડિયા એસસી,એસટી,ઓબીસી, માયનોરીટીસ મહાસંઘ દ્વારા કુકમા ખાતે ૭૦માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાઈ



ભુજ કચ્છ: ઓલ ઇન્ડિયા એસસી,એસટી,ઓબીસી માયનોરીટીસ મહાસંઘ દ્વારા ભુજ તાલુકાના કુકમા ખાતે લાખોંદ પાટીયા ચાર રસ્તા મધ્યે ૨૬મી જાન્યુઆરી,૨૦૧૯ પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજ વંદન કરવામાં આવ્યો હતો.જેમાં ઓલ ઇન્ડિયા એસસી,એસટી,ઓબીસી, માયનોરીટીસ મહાસંઘ ગુજરાતના ઉપપ્રમુખ રમેશ કાનજી વણકર, ભુજ તાલુકાના પ્રમુખ વિજયભાઈ પી. કાગી,રાષ્ટ્રીય કાર્યકારી સદસ્ય હમીર ગોવાભાઈ સામળીયા,ધનજીભાઈ સામળીયા,કિશાન સેલ ભુજ તાલુકાના પ્રમુખ મોહન કાનજી વણકર,દમુબેન માંહનભાઈ વણકર,કુંવરબેન કાનજી વણકર, કચ્છ જિલ્લા શ્રમજીવી વિકાસ સમિતિના પ્રમુખ નુરભાઈ સમા,કચ્છ કલાપી ન્યુઝના તંત્રી વિમલભાઈ સોની,માનવાધિકાર પાર્ટીના જિલ્લા પ્રમુખ રામજીભાઈ તથા ઓલ ઇન્ડિયા એસસી,એસટી,ઓબીસી, માયનોરીટીસ મહાસંઘના કાર્યકરો અને આશાપુરા કોલોનીના બાળકો ઉપસ્થિત રહી ધ્વજ વંદન કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.આ કાર્યક્રમમાં ઓલ ઇન્ડિયા એસસી,એસટી,ઓબીસી, માયનોરીટીસ મહાસંઘ દ્વારા ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેળાના વેપારી તેનો પુત્ર અને અન્ય આઠ વ્યક્તિ મળી દસ વ્યક્તિઓએ મારામારી કરી હોવાની ફરિયાદ

કાચા કેળા બહારના વેપારીને વેચવા બાબતે રાજપીપળાના બે વેપારીઓ વચ્ચે બોલાચાલી બાદ એક વેપારીના ઘરે જઈ પરિવાર સાથે બબાલ બાદ પંચથી હુમલો કરી ઈજા બાદ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની દસ વિરુદ્ધ ફરિયાદ

રાજપીપળા : રાજપીપળા સહીત નર્મદા જિલ્લામાં કેળાનો પાક વધુ થતો હોય અહીથી કેળાની ટ્રકો ભરાઈ રાજસ્થાન તરફ વેચાણ અર્થે જતી હોય છે ત્યારે ગતરોજ કેળાના બે વેપારીઓ વચ્ચે ધંધા બાબતે માથાકૂટ થઈ અને ત્યાર બાદ મામલો બિચકતા એક વેપારી એ બીજાના ઘરે જઈ હુમલો કર્યો હોવાની ફરિયાદ રાજપીપળા પોલીસ સ્ટેશને નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજપીપળાના કેળાના વેપારી લાદુરામદેવ દેવનારાયણ સાંવરિયા એ આપેલી ફરિયાદ મુજબ તેમને કાચા કેળાની ટ્રક ભરી જામખંભાળીયા ના વેપારી દિલીપભાઈને ત્યાં મોકલતા રાજપીપળા કાછીયાવાડમાં રહેતા કેળાના અન્ય વેપારી ધનસુખભાઈ કાછીયાએ જામખંભાળીયા નો વેપારી તેમનો ગ્રાહક હોય ત્યાં લાદુરામે માલ મોકલતા એમનો એક વેપારી તુટતા ધંધાની અદાવત રાખી ધનસુખભાઈ એ લાદુરામદેવ સાથે ગાળાગાળી કરી ધાક ધમકી આપી તેમનું ઉપરાણુ લઈ બીજા લોકો સાથે એકસંપ કરી લાદુરામના ઘરે આવી ગાળો બોલી મારામારી કરી દેવનારાયણ સાવરીયાને હાથે પહેરેલ લોખંડના પંચથી ખબે મારી તેમજ લાદુરામને પણ તમાચો મારી તેમના ઘરના અન્યસભ્યોસાથેસાથેજીભાજોડી કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કર્યો હોય રાજપીપળા પોલીસે લાદુરામની ફરિયાદ બાદ ધનસુખ દામોદર કાછીયા,મનોજ ધનસુખભાઈ કાછીયા, કાછીયાવાડ, રાજપીપળા અને શૈલેષ વસાવા,નરસિંહ ટેકરી રાજપીપળા સહીત બીજા અજાણ્યા આઠ માણસો સામે ગુનોદાખલ કરી તપાસ હાથ ધરી છે.

રાહુલ ગાંધીએ કમાન્ડોની સુરક્ષા વચ્ચે માતાનું દૂધ પીધું: જીતુ વાઘાણીનું વિવાદાસ્પદ નિવેદન

રાધનપુર

જેમ જેમ ચૂંટણી નજીક આવતી જાય છે તેમ તેમ નેતાઓ જીભ પરથી કાબુ ગુમાવી રહ્યાં છે. રાધનપુરમાં ભાજપ યુવા સંમેલનને સંબોધન દરમિયાન ગુજરાત ભાજપ અધ્યક્ષ જીતુ વાઘાણીએ વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. જીતુ વાઘાણીએ કહ્યું કે રાહુલ ગાંધીએ કમાન્ડોની સુરક્ષા વચ્ચે માતાનું દુધ પીધું હશે. વાઘાણીના નિવેદનથી કોંગ્રેસે ટીકા કરી વિરોધ નોંધાવ્યો હતો. રાધનપુરમાં ભાજપ યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં ગુજરાત ભાજપના અધ્યક્ષ જીતુ વાઘાણીએ સંબોધનમાં કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી પર આશ્ચર્યજનક ટિપ્પણીઓ કરી હતી. જેમાં વાઘાણીએ જણાવ્યું કે રાહુલ કમાન્ડોની સુરક્ષા વચ્ચે જનમ્યા હતા. જે ઘોડિયામાં કમાન્ડોની સાથે જનમ્યા હોય તે દેશની વાતો કરે છે. વધુમાં વાઘાણીએ કહ્યું કે દૂધ પીતી વખતે થાય તે ખરુ, આપણે જોવા નથી ગયા. આટલાથી ન અટકતા વાઘાણીએ કહ્યું કે રાહુલે કમાન્ડોની સુરક્ષા વચ્ચે માતાનું દૂધ પીધું છે.

પાળીયાદ વિસામણ બાપુની જગ્યાના મહંત પૂ.નિર્મળાબા ને કુંભમેળામાં ૧૦૦૮ મહામંડલેશ્વરની પદવી અર્પણ કરાઈ

બોટાદ જીલ્લાના પાળીયાદના સુપ્રસિધ્ધ શ્રી વિસામણબાપુ ની જગ્યાના વર્તમાન મહંતશ્રી પુજય નિર્મળાબા ને પ્રયાગરાજ(અલ્હાબાદ) ખાતે ના કુંભમેળા માં નિર્મોહી અખાડાના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજેન્દ્રદાસ બાપુ અને પ્રસિધ્ધ કથાકાર પુજય મોરારીબાપુ સહીત નિર્મોહી અખાડા ના અનેક સંતો મહંતો ની ઉપસ્થિતીમાં પાળીયાદ વિસામણ બાપુની જગ્યાના મહંત પુજય નિર્મળાબા ની ૧૦૦૮ મહામંડલેશ્વર ની પદવી અર્પણ કરવામાં આવી હતી પુજય નિર્મળાબા ને ૧૦૦૮ મહામંડલેશ્વર ની પદવી મળતા સમગ્ર પાળીયાદ વિહળ પરિવાર અને સમસ્ત સનાતમ ધર્મ જગત માં ગૌરવની લાગણી પ્રસરી ગઈ છે

સ્ટેચ્યુ ઓફ યુનિટી પર લખનૌના વકીલે ૧૮૦૦કિમિ બાઈક સફર ખેડી રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો



રાજપીપળા:સમગ્ર ભારત દેશમાં અને દેશના જુદા જુદા રાજ્યો સહિત તાલુકા અને જિલ્લા કક્ષાએ ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક પર્વની ભક્તિમય વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી.નર્મદા જિલ્લાના કેવડિયા સ્થિત સાધુ ટેકરી ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કર્યું હતું.ત્યારે ત્યાં પણ જાગૃત નાગરિકો દ્વારાઅનોખી રીતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

ઉત્તરપ્રદેશના લખનૌના વ્યવસાયે એડવોકેટ એવા નૃપેન્દ્ર પાંડે રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાની ભાવના સાથે ૧૯મી જાન્યુઆરીએ લખનૌથી પોતાની બુલેટ પર તિરંગા યાત્રા લઈ કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પ્રજાસત્તાક દીને રાષ્ટ્રધ્વજ લેહેરાવવા નીકળ્યા હતા.૧૮૦૦ કિમીની બાઈક યાત્રા ખેડી ૨૬મી જાન્યુઆરીએ ત્રિરંગા યાત્રા લઈ સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પહોંચ્યા હતા અને સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં રાષ્ટ્રગાન સાથે રાષ્ટ્રીય ધ્વજ લહેરાવ્યો હતો.એડવોકેટ નૃપેન્દ્ર પાંડેએ જણાવ્યું હતું કે ભૂતકાળની સરકારોએ સરદાર પટેલને ઈતિહાસના પાનમાં દબાવી દીધા હતા,સરદાર પટેલ રાજનીતિના ધ્રુવતારા છે.દેશના યુવાનોમાં રાષ્ટ્રીય ભાવનાની જાગૃતતા આવે એટલે મેં આ ત્રિરંગા યાત્રા કાઢી છે.









તંત્રી સ્થાનેથી...

પ્રજાસત્તાક પર્વ ઉજવણી

પ્રજાસત્તાક દિવસની ભવ્ય રીતે ઉજવણી ગઈકાલે ૨૬મી જાન્યુઆરીના દિવસે કરવામાં આવી હતી. રાજપથ પર શક્તિ પ્રદર્શન અને દેશની સમૃદ્ધિના દર્શન કરીને લોકો ગર્વ અનુભવ કરે છે. પ્રજાસત્તાક દિવસના દિવસે જ વર્ષ ૧૯૫૦માં અમે ભારતના લોકો પોતે ભાગ્ય વિધાતા બની ગયા હતા. લાંબી ચર્ચા અને દલીલોના દોર બાદ બંધારણીય સભાએ જે બંધારણની દરખાસ્તને સ્વીકારી હતી તે દરખાસ્ત અને જોગવાઇ આ જ દિવસે અમલી બની ગઇ હતી. આ વ્યવસ્થામાં દરેક ભારતીય વ્યક્તિ માટે ન્યાય, સ્વતંત્રતા, સમતા અને બંધુતાની બાબતને સામેલ કરવામાં આવી હતી. અમે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરીને આ બાબતને લઇને ગર્વ કરી શકીએ ચીએ કે આ વર્ષોમાં દેશે જોરદાર પ્રગતિ કરી છે. અનેક રેકોર્ડ વિશ્વમાં ભારતે સર્જયા છે. વિશ્વમાં જુદા જુદા ક્ષેત્રોમાં ભારતે આજે ડંકો વગાડી દીધો છે. અહીંના લોકોના જીવનમાં ફેરફાર થયા છે. બ્રિટીશ અને અન્ય જુની વ્યવસ્થાને ફેંકીને ભારતે પોતાની વ્યવસ્થા અમલી કરી છે. અમે એક લોકશાહી અને સમાજની વ્યવસ્થાને સ્વિકાર કરીને આજે આગળ વધી રહ્યા છીએ. પ્રજાસત્તાક દિવસે એક બાબત નક્કી કરવામાં આવી હતી. જે દેશ નિર્માણ માટેની હતી. અમને શુ બનવુ છે અને કઇ રીતે બનવુ છે તે બાબતને લઇને તેમજ કેવા રાષ્ટ્રનુ નિર્માણ કરવુ છે તે બાબત નક્કી કરવામાં આવી હતી. આ તમામ બાબતો નક્કી કરવા માટેની રૂપરેખા અમને બંધારણમાં આપવામાં આવી હતી. જેમાં જનતાની અને જનતા માટેની શાસન વ્યવસ્થાની વાત કરવામાં આવી હતી. રૂપરેખા મનુજબ અમે આગળ વધ્યા હતા. સાથે સાથે વિકાસની દિશામાં નક્કર ઇરાદા સાથે કુચ કરી હતી. આજે અમે અનેક ક્ષેત્રોમાં ઉલ્લેખનીય સફળતા હાંસલ કરી ચુક્યા છીએ. ભારતની આગેકુચ અવિરતપણે જારી રહી છે. અનેક પ્રકારના પડકારો આવ્યા હોવા છતાં લોકશાહી વ્યવસ્થા પ્રત્યે આસ્થા અને બંધારણ પ્રત્યે વિશ્વાસના કારણે આજે અમે તમામ વિઘ્નને પાર કરીને આગળ વધી શક્યા છીએ. નવી સદીમાં પ્રવેશ કરીને આર્થિક વિકાસના મોરચે અમે ઉંચી છલાંગ લગાવી ચુક્યા છીએ. એક લાંબા સમય સુધી ચાલેલી ધીમી વિકાસ ગતિને હવે પાછળ છોડી ચુક્યા છીએ. આના પરિણામ આજે તમામ ક્ષેત્રોમાં જોઇ શકાય છે. શિક્ષણ, આરોગ્ય અને વિજ્ઞાનના ક્ષેત્રમાં પણ ભારતે ઐતિહાસિક સફળતા હાંસલ કરી લીધી છે. અમારી બંધારણીય વ્યવસ્થા હેઠળ તમામ સફળતા હાંસલ કરવામાં આવી છે. જેથી પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવાની બાબત પણ અમારા માટે ગૌરવ સમાન અને ઐતિહાસિક છે. આ દિવસની ઉજવણી કરીને અમે આજે ગર્વ અનુભવ કરીએ છીએ. તમામ માટે સમાનતાના માર્ગ પર અમે મક્કતા સાથે આગળ વધી રહ્યા છીએ. ઝડપી આર્થિક વિકાસમાં તમામ લોકોની ભાગીદારી કઇ રીતે રહે તે બાબત પર ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. તમામ માટે ન્યાયની વ્યવસ્થા બંધારણમાં આપવામાં આવી છે. જો કે હજુ કેટલીક ખામી છે. કારણ કે એક સહજ ન્યાયપ્રિય સમાજનુ નિર્માણ કરી શક્યા નથી. સામાજિક ન્યાય અને સમતાનુ સપનુ હજુ બાકી છે.

આન બાન શાન સાથે ઉજવણી થાય ત્યારે દેશના લોકો ગર્વની લાગણી અનુભવે છે

પેટમાં ગેસ અંગે જાણી શકાશે

સામાન્ય રીતે કહેવામાં આવે છે કે હાર્ટનો રસ્તો પેટમાંથી થઈને જાય છે. આ જ પેટ કેટલીક વખત સમસ્યા બની જાય છે. જો પેટમાં વધારે પ્રમાણમાં ગેસ બને છે તો આના કારણે અસ્વસ્થ હોવાનો અનુભવ થાય છે. સ્વસ્થ રહેવા માટે પેટ સ્વસ્થ રહે તે સૌથી જરૂરી છે. આવી સ્થિતીમાં એક નવા પ્રકારની ગોળી ક્રાન્તિ લાવી શકે છે. આ ગોળી પેટની અંદર જઈને પેટમાં બનનાર ગેસના સંબંધમાં સ્માર્ટ ફોન પર માહિતી આપશે. વિટામિનની ગોળીના કદની આ ગોળી પેટમાં જઈને ગેસ શોધી કાઢે છે. આ ગોળી પેટમાં બનેલા કાર્બન ડાયોક્સાઈડ અને ઓક્સિજનના રિયલ સમયની માહિતી આપે છે. આપને આના કારણે જાણી શકાશે કે ભોજન લીધા બાદ આપના પેટમાં કેટલા પ્રમાણમાં ગેસ બને છે. પેટને સ્વસ્થ રાખવામાં આ દવા અસરકારક સાબિત થશે. આ ગોળી ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. આ ગોળીના કારણે આગળ સમય જતા પેટના ગેસને માપવા માટે એપ ડેવલપ કરવામાં પણ સફળતા મળી શકે છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે આ એપ ફાર્ટ નામથી બજારમાં આવી શકે છે. આ ગોળી ઓસ્ટ્રેલિયન આરએમઆઈટી યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવી છે.ય તેમાં એક એવી મેમ્બ્રેન હોય છે જેના કારણે ગેસ સરળતાથી શોધી શકાય છે. આ ઉપરાંત તેમાં માઈક્રો કન્ટ્રોલર, બેટરી, એન્ટીના અને વાયરલેસ ટ્રાન્સમીટર પણ રહે છે. થોડાક સમય સુધી શરીરમાં રહ્યા બાદ તે ગેસ્ટ્રોઈન્ટેસ્ટાઈનલ મારફતે બહાર આવી શકે છે. ગોળીના ટ્રાયલ દરમિયાન કેટલીક બાબતો ઉભરીને સપાટી પર આવી છે. જેમાં જાણવા મળ્યુ છે કે હાઈ ફાઈબર ડાયટ લેનારમાં ઓક્સીજન વધારે પ્રમાણમાં બને છે. આના પહેલા સુધી એમ માનવામાં આવતુ હતુ કે મોટા આંતરડામાં ઓક્સીજનનુ નિર્માણ કામ થતુ નથી. આવી સ્થિતીમાં આંતરડાના કેન્સરની સારવારમાં પણ આ દવા ઉપયોગી ભૂમિકા અદા કરી શકે છે.

લોકસભા ચૂંટણી : કારખના બંધ અને નિસહાય ખેડુતો દેખાય છે...

સિવાનથી લઇ સારન સુધી લોકો ખફા

બિહારમાં ગઠબંધનની રાજનીતિ નવા સમીકરણને જન્મ આપે છે : વર્તમાન સાંસદોની સીટો જશે : શાસન વિરોધી લહેર ધબકારા વધારે છે

લોકસભા ચૂંટણીને લઇને વધારે સમય રહ્યો નથી ત્યારે તમામ રાજકીય પક્ષો પોત પોતાની રીતે દાવપેંચ રમી રહ્યા છે. જીતવા માટેની રણનિતી દરેક પાર્ટી દ્વારા તૈયાર કરવામાં આવી રહી છે. એકબીજાને પછડાટ આપવા માટે નવા નવા ગઠબંધન અને પાર્ટીઓ બની રહી છે. બિહાર પણ ચાવીરૂપ ભૂમિકા લોકસભાની ચૂંટણીમાં અદા કરનાર છે. બિહારની રાજનીતિને સારી રીતે સમજી લેવા માટે સારનની સિવાન, ગોપાલગંજ, સારણ અને મહારાજગંજની લોકસભા સીટોની રાજનીતિને સમજવાની જરૂર છે. અહીં બાહુબલ, જાતિવાદ, અવસરવાદ, પરિવાદવાદ અને સાપ્રદાયિકવાદ એમ તમામ બાબતોને જોઇ શકાય છે. આમાં બિહારના ખેડુતોની દુર્દશા પણ સામેલ છે. જે ક્યારેય સિચાઇના પાણી માટે બુમ પાડે છે તો ક્યારેય ખાદ માટે બુમ પડે છે. આમાં સામાન્ય રીતે તોફાનમાં થનાર મોત પણ સામેલ છે. સતત પલાયનનો મામલો પણ અહીં ચરમસીમા પર રહ્યો છે. સિવાનથી લઇને સારણ સુધી સામાન્ય પ્રજા હાલમાં શાસકોના વર્તનથી ભારે નારાજ છે. ગઠબંધનની રાજનીતિ નવા સમીકરણને જન્મ આપી રહી છે. વર્તમાન સાંસદોને પણ આ વાતન માહિતી નથી કે આ વખતે તેમની સીટ રહેશે કે પછી જશે. આ તમામ સીટો પર શાસન વિરોધી લહેર પણ જોવા મળી રહી છે. ટિકિટના દાવેદારો તાકાત લગાવી રહ્યા છે. સિવાન શહેરના લોકો કહે છે કે રાજ્યમાં કોઇ પણ ગઠબંધન બની જાય તો પણ ટક્કર તો શહાબુદ્દીન અને અન્યોની જ રહેશે. ગોપાલગંજમાં સવાલ માત્ર એક છે. જે એ છે કે બાહુબલી સતીશ પાન્ડેના ઉમેદવાર કોણ રહેશે. આરજેડી માટે મજબુરીનુ અન્ય નામ સિવાન છે. એક કડવી વાસ્તવિકતા એ પણ છે કે બિહારની પ્રજા જેની સાથે નફરત કરે છે તેને પ્રેમ પણ કરે છે. જાણકાર લોકો કહે છે કે આજે સિવાનમાં જે કઇ પણછે તે શહાબુદ્દીનના કારણે છે. ભાજપના વર્તમાન સાંસદ ઓમપ્રકાશની છાપ ભાજપમાં ખરાબ બની રહી છે. તમામની ફરિયાદ છે કે તેમને સિવાન માટે કોઇ કામ કર્યા



નથી. શહાબુદ્દીન સિવાનમાંથી ચાર વખત સાંસદ અને બે વખત ધારાસભ્ય તરીકે રહ્યા છે. છતાં અપરાધ આજે પણ થઇ રહ્યા છે. હત્યાઓ આજે પણ થઇ રહી છે. તોફાન આજે પણ થઇ રહ્યા છે. જાણકાર લોકો કહે છે કે છઠ્ઠ પુજાના ગાળા દરમિયાન કઇરાઇગાવા કરબલામાં તોફાન થયા હતા. કેટલીક દુકાનો સળગાવી દેવામાં આવી હતી. શહાબુદ્દીન જેલમાં ગયા બાદ આરજેડ દ્વારા તેમના પત્નિ હિનાને બે વખત ટિકિટ આપી હતી. જો કે તેમને જીત મળી ન હતી. રઘુનાથ ઝા અને સાધુ યાદવને ગોપાલગંજના લોકો યાદ કરે છે. લાલુ યાદવના તન જિલ્લા ગોપાલગંજમાં પ્રજા ખાસ મુડમાં નજેર પડે છે. અહીં ાજે પણ પ્રજા સ્વર્ગીય રઘુનાથ ઝા અને સાધુ યાદવને યાદ કરે છે. ગોપાલગંજના લોકો કહે છે કે ગોપાલગંજમાં જે કઇ પણ વિકાસનુ કામ થયુ છે તે ઝા અથવા તો સાધુના કારણે થયુ છે. કમનસીબ બાબત એ રહી છે કે લાલુ યાદવ કોઇ સમય રેલવે પ્રધાન રહી ચુક્યા હોવા છતાંઅહીં રેલવે માર્ગનુ નિર્માણ થઇ શક્યુ નથી. ગોપાલગંજના વિદ્યાર્થીઓ કહે છે કે આકામ મોદીને કરવાની જરૂર છે. ગોપાલગંજ સુરક્ષિત સીટ પરથી આ વખતે ભાજપના જનક રામને ટિકિટ મળવાનીશક્યતા છી દેખાઇ રહી છે. કારણકે સુશીલ મોદી તેમનાથી ખુબ નારાજ દેખાઇ રહ્યા છે. સાથે સાથે પ્રજાની અવગણના કરવાનો પણ તેમના પર આરોપ લાગતો રહ્યો છે. એમ માનવામાં આવે છે કે હાલમાં યુપીએમાં સામેલ થયેલા ઉપેન્દ્ર કુશવાહ અહીંથી પોતાના ઉમેદવારને મેદાનમાં ઉતારી શકે છે. અહીંથી જેડીયુના બાહુબલી નેતા સતીશ પાન્ડે વિધાનસભા બાદ લોકસભાની ચૂંટણીમાં પણ પોતાના ઉમેદવારને મેદાનમાં ઉતારી શકે છે. સિવાનથી પટણા સુધી ટ્રેનમાં યાત્રા દરમિયાન છપરા માટે સેંકડો યાત્રી બેસે છે. આજે સૌથી વધારે ચર્ચા તેજપ્રતાપ અને એશ્વર્યાના છુટાછેડાની રહી છે. સારણ સીટ પર તો ૪૦ વર્ષથી લાલુનુ પ્રભુત્વ રહ્યુછે. હવે પ્રજા અને લાલુ પરિવાર ઇચ્છે છે કે એશ્વર્યા અથવા તો તેમના પિતા અહીંથી ચૂંટણી મેદાનમાં ઉતરે. બિહારની રાજનીતિ આ વખતે જોરદાર પરિણામ આપનાર છે. ભાજપ અને જેડીયુ એક સાથે છે. આવી સ્થિતીમાં મોદી અને નીતિશ કુમાર ગઠબંધનને કોઇ મોટી સફળતા અપાવી શકે છે કે કેમ તેની ચર્ચા છે.

વચનબદ્ધતા અને પ્રતિબદ્ધતા મુદ્દે ખરા સાબિત થવાનો સમય છે....

ભારત-આફ્રિકા વચ્ચે મજબુત સંબંધો

દક્ષિણ આફ્રિકાના પ્રમુખ સિરિલ રામાફોસાને પ્રજાસત્તાક દિવસના અવસર પર આ વખતે ખાસ મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે રામાફોસાને આમંત્રણ આપીને ભારતે સાબિતી આપી દીધી છે કે તેની વિદેશ નીતિમાં આફ્રિકાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે. ભારત આ વર્ષે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જયંતિ મનાવે છે ત્યારે તેમને આમંત્રણ ખુબ મહત્વપૂર્ણ બાબત છે. બીજી બાજુ આફ્રિકામાં નેલ્સન મંડેલાના જન્મને ૧૦૦ વર્ષ પરિપૂર્ણ થવા જઇ રહ્યા છે.આવી સ્થિતીમાં રામાફોસાની ભારત યાત્રા ખુબ ઉપયોગી બની ગઇ છે. આના કારણે ભારત-દક્ષિણ આફ્રિકા વચ્ચેના સંબંધ વધારે મજબુત બનનાર છે. પૃથ્વીના આશરે ૩૦ ટકા ખનિજ ભંડારને પોતાના ગર્ભમાં છુપાવીને રાખનાર આફ્રિકા મહાદ્વીપન નાણાંકીય વ્યવસ્થાને મજબુત કરવા માટે મોટા પાયે ઔદ્યોગિક વિકાસની જરૂર દેખાઇ રહી છે. આ સારી બાબત રહી છે કે ભારત હિન્દ પ્રશાંત મહાસાગર ક્ષેત્રમાં ધ્યાન આપી રહ્યુ છે અને આ ક્ષેત્રમાં પોતાનુ પ્રભાવ જમાવીને ભારત આફ્રિકાના વિકાસમાં ચીન કરતા એક અલગ જગ્યા બનાવી શકે છે. વર્ષ ૨૦૧૬થી આફ્રિકા ભારતની રાજદ્ધારી નીતિના કેન્દ્ર તરીકે છે. ભારતના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાને કેટલાક આફ્રિકી દેશોની યાત્રા કરી છે. જુલાઇ ૨૦૧૮માં બ્રિકસ શિખર બેઠક યોજાઇ હતી. શિખર બેઠક દરમિયાન



પ્રજાસત્તાક દિવસન પરેડમાં આ વખતે દક્ષિણ આફ્રિકાના પ્રમુખ સિરિલ રામાફોસાની હાજર ઉપયોગી છે : વિદેશ નીતિમાં આફ્રિકાને વધુ મહત્વ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ આફ્રિકી દેશો રવાન્ડા, યુગાન્ડા અને દક્ષિણ આફ્રિકાની યાત્રા કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન મોદીએ મુખ્ય રીતે રવાન્ડા પર ધ્યાન કેન્દ્રિત કરી દીધુ હતુ. રવાન્ડામાં હાલના વર્ષોમાં ચીનનુ પ્રભુત્વ પણ વધ્યુ છે. તે વન બેલ્ટ વન રોડ સમજુતી હેઠળ સામેલ થવાની સાથે સાથે ૧૫ મોટી યોજનામાં સામેલ છે. આ જ કારણ છે કે ભારતે રવાન્ડાની સાથે કેટલાક રણનિતી મુજબ સમજુતી કરી છે. સાથે સાથે ત્યાં ભારતીય હાઇ કમીશનની સ્થાપના પણ કરવામાં આવી છે. આ ક્રમમાં જ જ રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દ પણ ઓક્ટબર ૨૦૧૭માં જિબુતી અને ઇથિયોપિયાની મુલાકાત લીધી હતી. વર્ષ ૨૦૦૮ બાદથી બંને પક્ષો વચ્ચે નિયમિત શિખર બેઠકો યોજાઇ રહી છે. આ ઉપરાંત ભારત દ્વારા જાપાનની સાથે મળીને એશિયા આફ્રિકા વિકાસ કોરિડોર પર કામગીરી શરૂ કરવામાં આવી છે. આફ્રિકાના જુદા જુદા દેશોને ભારતે ૧૧ અબજ ડોલરની સહાયતા આપી છે. ત્રીજા શિખક સંમેલન બાદ ભારતે દક્ષિણ આફ્રિકાને ૧૧૦૦ કરોડ ડોલરની લોન આપવાની જાહેરાત કરી હતી. આ ક્ષેત્રમાં રોકાણની શક્યતાને ધ્યાનમાં લઇને છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતનુ રોકાણ આફ્રિકામાં સતત વધી રહ્યુ છે. ત્યાંના ૪૧ દેશમાં કુલ ૧૪૦ યોજનાઓ ભારતની ચાલી રહી છે. વેપાર ઉપરાંત ભારત આફ્રિકામાં કેટલીક જન કલ્યાણકારી યોજનાઓ પણ ચલાવે છે. વર્ષ ૨૦૦૮માં બારતે વિકાસ યોજનાઓ માટે ૫૦૦ મિલિયન ડોલર આપવા માટેની તૈયારી દર્શાવી હતી. આઇએમએફના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે આફ્રિકા ૪.૮ ટકાના વિકાસ દર સાથે વિકાસ કરવામાં વ્યસ્ત છે. એશિયાની બહાર વૃદ્ધિનો આ સૌથી ઉચો દર છે. આજે આફ્રિકા ભારતના સૌથી મોટા વેપાર ભાગીદારી દેશ તરીકે છે. બંને દેશોની વચ્ચે વેપાર સંબંધોને આગળ વધારી દેવા માટે અનેક તક છે. અનેક ક્ષેત્રો પણ છે. આફ્રિકા સાથે સંબંધને નવી દિશા આપવા માટે ભારત સરકારે આયાત-નિકાસ નીતિ હેઠળ ફોક્સ આફ્રિકા કાર્યક્રમની શરૂઆત કરી છે. આફ્રિકા હાલમાં સંક્રમણના દોરમાંથી નિકળી રહ્યુ છે. આવી સ્થિતીમાં ભારત આફ્રિકા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને આગળ વધી રહ્યુ છે જે યોગ્ય બાબત છે. આવી સ્થિતીમાં ભારતને આફ્રિકા પ્રત્યે તેની વચનબદ્ધતા અને કટિબદ્ધતાને સમય પહેલા પૂર્ણ કરે તે સમયની માંગ છે. સંશાધનથી સમૃદ્ધ રહેલા આ દેશમાં ભારત માટે નવી સંભાવનાના દ્વાર ખુલી શકે તે માટે ભારતને મજબુત ઇચ્છાશક્તિ સાથે કામ કરવાની જરૂર છે. પ્રજાસત્તાક દિવસના અવસર પર રામાફોસાની હાજરીથી સાબિતી મળી ગઇ છે કે ભારત મજબુત સંબંધો આફ્રિકા સાથે રાખવા માટે ઇચ્છુક છે. તેની નીતિ આ દિશામાં છે.

વલસાડ ખાતે ૭૦મા પ્રજાસત્તાક પર્વની દબદબાભેર ઉજવણી







સમયબદ્ધ, ગુણવત્તાયુક્ત, ભ્રષ્ટાચારરહીત જનસેવાના કામોથી રાજ્ય સરકારે સુશાસનની નેમ સાકાર કરી છેઃ સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમાર



પ્રજાસત્તાક પર્વની ઉજવણી અવસરે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો, આકર્ષક ટેબ્લોઝ અને દિલધડક અશ્વ શો યોજાયો









વલસાડ

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના નાનાપોંઢા સિલ્ધા જંગલ કામદાર મંડળીની સામેના ગ્રાઉન્ડ ખાતે રાજ્યના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી ઈશ્વરભાઇ પરમારે તિરંગો લહેરાવી પ્રજાજોગ સંદેશો આપતાં જણાવ્યું કે, સમયબદ્ધ, ગુણવત્તાયુક્ત, ભ્રષ્ટાચારરહીત જનસેવાના કામોથી રાજ્ય સરકારે સુશાસનની નેમ સાકાર કરી છે.

વલસાડ જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની નાનાપોંઢા ખાતે થઇ રહેલી ઉજવણી દરમિયાન રાષ્ટ્રની આન, બાન અને શાન સમા ત્રિરંગાને બા-અદબ સલામી આપ્યા બાદ મંત્રીશ્રી પરમારે તેમના પ્રજાજોગ સંદેશમાં જણાવ્યું હતું કે, આપણો દેશ પ્રગતિના પંથે ઝડપભેર આગળ વધી સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રે પ્રગતિ કરી રહયો છે. સ્વરાજ મળ્યા બાદ સુરાજ્યની પ્રતીતિ લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ જન-જનને અનુભૂતિ થઈ રહી છે. પ્રગતિશીલ ગુજરાતના પ્રણેતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પારદર્શક અને પ્રામાણિક વહીવટની અનુભૂતિ કરાવી છે. નાગરિકોના પ્રશ્નો હલ કરવા માટે સંવેદનશીલ અભિગમ ગુજરાત સરકારની આગવી ઓળખ બની છે. સુશાસન અને સુરાજ્યને કારણે ગુજરાતનો વિકાસ સોળે કળાએ ખીલ્યો છે અને હેપ્પીનેસ ઈન્ડેક્ષમાં ગુજરાત સતત આગેકૂચ કરી રહયુ છે.

અવકાશ ક્ષેત્રે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સિમાચિહનરૂપ સિદ્ધિ હાંસલ કરી છે. અવકાશ ક્ષેત્રે ભારતની પ્રમુખ સંસ્થા ઈસરો ધ્વારા ૩૬થી વધુ મહત્વપૂર્ણ મિશન્સ પાર પાડ્યા છે. છેલ્લા ત્રણ વર્ષમાં જ ભારતે ૧૪૫ સેટેલાઈટ અવકાશમાં તરતા મૂકી વિશ્વને અંચાબામાં મૂકી છે. ૨૦૨૨ સુધીમાં આ પ્રોજેક્ટ અંતર્ગત ત્રણ ભારતીયોને સાત દિવસ સુધી અવકાશમાં મોકલવામાં આવનાર છે.

કેન્દ્ર સરકારે ગરીબ, મધ્યમવર્ગના પરિવારોને રક્ષાકવચ આપ્યું છે. આયુષ્માન ભારત યોજના અંતર્ગત દેશના ગરીબ મધ્યમ પરિવારોને વિવિધ પ્રકારની જીવલેણ બીમારીમાં વિનામૂલ્યે રૂપિયા પાંચ લાખની મર્યાદામાં આર્થિક સહાય આપવામાં આવે છે.

ગુજરાતે રાજકીય ઈચ્છાશક્તિ, સાતત્યપૂર્ણ નેતૃત્વ અને જનશક્તિના સાક્ષાત્કારના આયામોને આત્મસાત કર્યા છે. ગુજરાતે જનહતિની નવતર ઊંચાઈ હાંસલ કરી છે. આજે કૃષિ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રે સમગ્ર દેશમાં ઊડીને આંખે વળગે એવો વિકાસ કર્યો છે. સૌનો સાથ સૌનો વિકાસ ના સૂત્રને સાચા અર્થમાં આ પ્રગતિશીલ સરકારે સાકાર કર્યું છે. એવરેજ ગ્રોથ રેટમાં અને ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટમાં ગુજરાત નંબર વન છે. એક્ષપોર્ટ ક્ષેત્રે ગુજરાત અગ્રેસર છે. મગફળી, કપાસ, જીરૂ અને મસાલાના ઉત્પાદનમાં, રોજગાર કેન્દ્રોના પ્લેસમેન્ટમાં વર્ષોથી ગુજરાત અગ્રહરોળમાં છે. સાતત્યપૂર્ણ વિકાસની પરિભાષા ગુજરાતે દેશ અને દુનિયાને બતાવી છે.

નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટી કાર્યાન્વિત કરવાનો નિર્ણય લઈ આદિજાતિ વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણની તકો ઉપલબ્ધ કરાવી છે. ગૌણ વનપેદાશો ઉપર વનબંધુઓને અધિકાર આપતો પેસા એક્ટ અમલી બનાવી સરકારે તેમના જીવનમાં મહત્વપૂર્ણ ફેરફાર કર્યા હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

રાજ્ય સરકારની વિવિધ વ્યકિતલક્ષી સહાયના લાભાર્થીઓને ગરીબ કલ્યાણ મેળા અત્યાર સુધીમાં ૧૦ ગરીબ કલ્યાણ મેળાની રાજ્યવ્યાપી શ્રૃંખલામાં ૧.૩૪ કરોડથી વધુ લાભાર્થીઓને ૨૪ હજાર કરોડ જેટલી રકમની સાધન-સહાય પૂરી પાડવામાં આવી છે.

પ્રજાસત્તાક પર્વ ઉજવણી દરમિયાન વલસાડ જિલ્લામાં મંત્રીશ્રી સહિત કલેક્ટરશ્રી સી.આર.ખરસાણ અને જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સુનિલ જોશીએ પોલીસ પરેડનું નિરીક્ષણ કર્યું હતું. આ વેળા વલસાડ ખાતે રેલ્વે પોલીસ ફાર્ક્સ, જિલ્લા પોલીસના મહિલા તથા પુરુષ જવાનો, હોમગાર્ડ્ઝના મહિલા અને પુરૂષ ગાર્ડ્સ, સહિત પોલીસની પરેડ પોલીસ બક્કન્ડના સથવારે યોજવામાં આવી હતી

આ પ્રસંગે જિલ્લાના જુદા જુદા વિભાગો દ્વારા આકર્ષક અને માહિતીપ્રદ ટેબ્લોઝ પણ રજુ કરાયા હતા. બાગાયત, ખેતીવાડી, ૧૦૮, આદિજાતિ વિકાસ, ગ્રામ વિકાસ, શિક્ષણ વિભાગ, આરોગ્ય, પશુપાલન, વન, અને પોલીસ વિભાગના ટેબ્લોઝ રજુ કરાયા હતા.

નાનાપોંઢા ગણતંત્ર પર્વ ઉજવણી નિમિત્તે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ ગામજનોને માણવા મળ્યા હતા. આ અવસરે દેશભક્તિ ગીત, ગરબા ડાંગી નૃત્ય જેવા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરાયા હતા. દિલ ધડક અશ્વ શો એ સૌને મંત્ર મુગ્ધ બનાવી દીધા હતા. આ કાર્યક્રમો પ્રજાજનોએ મનભરીને માણ્યા હતા

ગણતંત્ર દિવસે મહાનુભાવોના હસ્તે રમતગમત ક્ષેત્રના શ્રેષ્ઠ ખેલાડીઓ, પ્રસંશનીય કામગીરી કરનાર પોલીસ જવાનો, આરોગ્યક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી, ઈમરજન્સી સેવાની વિશિષ્ટ કામગીરી કરવા બદલ મહાનુભાવોના હસ્તે સન્માનિત કરાયા હતા.

પ્રજાસત્તાક પર્વ નિમિત્તે રજુ થયેલા ટેબ્લોઝ, પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમોની વિજેતા કૃતિઓને પણ મહાનુભાવોના હસ્તે પારિતોષિકો એનાયત કરવામાં આવ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને સન્માનિત કરાયા હતા

ગણતંત્ર દિવસ ઉજવણીના આ કાર્યક્રમ દરમિયાન ગામજનો સહિત તાલુકાના પ્રજાજનો, પદાધિકારીઓ, અધિકારીઓ, શાળા/કાલ્લેજના વિદ્યાર્થીઓ, મીડિયાકર્મીઓ વગેરેએ ઉપસ્થિત રહી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

કાર્યક્રમના અંત ભાગમાં પોલીસ બક્કન્ડની સૂરાવલીઓ સાથે રાષ્ટ્રગીતનું ગાન કરાયુ હતુ. ત્યાર બાદ મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમાર અને મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યુ હતુ.

આ અવસરે મંત્રીશ્રીએ નાનાપોંઢા એ.પી.એમ.સી માર્કેટનું ઉદ્ઘાટન અને વન વિભાગની કચેરીનું નિરીક્ષણ કર્યુ હતું. આ અવસરે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મણીલાલ પટેલ, સાંસદ ડૉ.કે.સી.પટેલ, ધારાસભ્યો સર્વશ્રી કનુભાઇ દેસાઇ, અરવિંદભાઇ પટેલ, જીતુભાઇ ચૌધરી સહિત જિલ્લાના અધિકારી/કર્મચારી સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.





૭૦મા પ્રજાસત્તાક પર્વની ઉજવણીના અવસરે રાષ્ટ્રના આન, બાન અને શાન સમા ત્રિરંગાને લહેરાવતા કૃષિમંત્રીશ્રી આર.સી.ફળદુ



- દિવ્ય અને ભવ્ય ગુજરાતના નિર્માણ માટે સંકલ્પબધ્ધ થવાનું આહ્વાન કરતાં મંત્રીશ્રી આર.સી.ફળદુ
- પલસાણા તાલુકાના એના ગામે ૭૦મા પ્રજાસત્તાક દિનની શાનદાર દબદબાભેર ઉજવણી
- ખેડૂતોના હિતોને વરેલી રાજ્ય સરકારે આઈ કિસાન પોર્ટલ પર આવેલી ૭,૮૨૫ ખેડૂતોની અરજીઓ મંજુર કરીને રૂા.૯૬૧ લાખની સહાય ચૂકવવામાં આવીઃ કૃષિમંત્રી આર.સી.ફળદુ
- દેશભક્તિના જૂવાળ સાથે તિરંગાને સલામી
- શ્રેષ્ઠ કામગીરી કરનારા કર્મયોગીઓને પ્રશસ્તિપત્ર આપી પ્રોત્સાહિત કરાયા
- પલસાણા તાલુકાના વિકાસ માટે રૂ.૨૫ લાખનું વિશેષ અનુદાન

સૂરત

રાષ્ટ્રના આન, બાન અને શાન સમા ૭૦માં પ્રજાસત્તાક પર્વ ૨૬મી જાન્યુઆરીની ઉજવણીનો ત્રિરંગો લહેરાવતા કૃષિ, ગ્રામ વિકાસ, મત્સ્યોદ્યોગ, વાહનવ્યવહાર વિભાગના મંત્રીશ્રી આર.સી.ફળદુએ આપણું રાજય દેશ અને દુનિયામાં મોડેલ સ્ટેટ તરીકે વધુ નામના પ્રાપ્ત કરે તે માટે દિવ્ય અને ભવ્ય ગુજરાતના નિર્માણ માટે સંકલ્પબધ્ધ થવાનું આહ્વાન કર્યું હતું.

સુરત જિલ્લાકક્ષાના ૭૦મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી પલસાણા તાલુકાના એના ગામે સરદાર પટેલ વિદ્યાલયના પટાગણમાં દેશભક્તિના અનોખા માહોલ વચ્ચે કરવામાં આવી હતી. વિશાળ જનસમુદાયની ઉપસ્થિતિમાં મંત્રીશ્રીએ ધ્વજારોહણ કરી પરેડનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ પ્રિતીબેન પટેલ, જિલ્લા કલેકટરશ્રી ધવલ પટેલ, જિલ્લા પોલીસ વડાશ્રી એ.એમ.મુનિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.કે.પારેખ, જિલ્લા સંગઠન પ્રમુખશ્રી દિલિપસિંહ રાઠોડ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મંત્રીશ્રીએ આઝાદીની લડાઈમાં યોગદાન આપનારા સૌ કોઈને યાદ કરીને જણાવ્યું હતું કે, રાજય સરકાર સામાન્ય જનને કેન્દ્રમાં રાખીને સંવેદનાપૂર્વક પારદર્શી નિર્ણયો સાથે સતત કાર્ય કરી રહી છે. વાયદાઓ નહી, પણ નક્કર ઈરાદાઓ સાથે પારદર્શિતા, નિર્ણાયકતા, સંવેદનશીલતા અને પ્રગતિશીલતાપૂર્વક શાસન દાયિત્વ નિભાવી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને આવી પડતી ગંભીર બિમારીઓમાં કેન્દ્ર સરકારની આયુષ્યમાન યોજના અંતર્ગત જિલ્લાના ૧,૧૯,૬૯૧ કુટુંબોના ૧,૫૭,૮૬૭ લાભાર્થીની નોંધણી પૂર્ણ કરીને રક્ષાકવચ પુરૂ પાડયું છે. જેમાંથી ૯૩ લાભાર્થીઓએ 'આયુષ્માન ભારત યોજના' હેઠળ સરકારની રૂ. ૪૩,૯૧,૫૧૭ ની સારવાર પણ મેળવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

ખેડૂતોના હિતોને વરેલી આ સરકાર દ્વારા આઈ ખેડૂત પોર્ટલ પર ૨૦૧૮-૧૯ના વર્ષમાં ૭૮૨૫ ખેડૂતોની અરજીઓ મંજુર કરીને રૂા.૯૬૧ લાખની સહાય ચૂકવવામાં આવી હતી. રાજયના ખેડૂતોને તેમના ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે મગફળી, કપાસ, ચણા, તુવેરની ટેકાના ભાવે ખરીદી કરીને આર્થિક સશકિતકરણની દિશામાં નક્કર પગલાઓ ભર્યા છે. ગત વર્ષે ૫,૦૦૦ કૃષિ ઉત્પાદનોની ટેકાના ભાવે ખરીદી રાજય સરકારે કરી હોવાનું કૃષિમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. હાલ સુધીમાં ૧,૪૫૪ કરોડના ખર્ચે ટેકાના ભાવે ખરીદીઓ કરવામાં આવી છે. ૨૦૧૮-૧૯ દરમ્યાન બાગાયત ખાતા મારફતે ફળ-ફુલ અને શાકભાજીની ખેતી માટે વિવિધ ઘટકોમા જિલ્લાના ૨૫૨૩ ખેડુત મિત્રોને રૂા.૪૭૬ લાખની સહાય એનાયત કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

મહિલાઓના કલ્યાણ માટે અનેકવિધ યોજનાઓની રૂપરેખા આપતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, ઉજ્જવલા યોજના, નારી અદાલતો, ચિરંજીવી યોજના, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ૫૦ ટકા અનામત જેવા અનેકવિધ મહિલા ઉત્કર્ષના પગલાઓ લેવામાં આવ્યા છે. આ વેળાએ મંત્રીશ્રીના હસ્તે પલસાણા તાલુકાના વિકાસ માટે રૂા.૨૫ લાખનો ચેક જિલ્લા કલેકટરશ્રીએ એનાયત કર્યો હતો.

હોમગાર્ડ યુનિટના શ્રી હરિચંદ્ર સિન્ધુ પાટીલે પોતાના માથા તથા શરીર પર મોટર સાયકલ તથા ફોર વ્હીલર પસાર કરીને દિલધડક સ્ટંટ રજુ કર્યા હતા. કાર્યક્રમના અંતે મંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું હતું. પલસાણા તાલુકાની વિવિધ શાળાઓ-કોલેજના બાળકોને ધમાકેદાર રંગારગ કાર્યક્રમો, યોગાસન, દેશભક્તિ ગીતો રજુ કરીને સૌના દિલ જીતી લીધા હતા. આ પ્રસંગે અધિક કલેકટરશ્રી સજય વસાવા, પ્રાંત અધિકારીશ્રી, પ્રાયોજના વહીવટદારશ્રી તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતના ઉપક્રમે

આત્મહત્યા અટકાવવા જાગૃતિ થીમ સાથે ૨૬૧ યુગલોના સમૂહ લગ્નોત્સવનું આયોજન

૧૭મી ફેબ્રુઆરીએ યોજાનાર સમૂહલગ્ન સમારોહને 'ચેતન્યોત્સવ' તરીકે ઉજવાશે

સુરત

સમૂહ લગ્નના માધ્યમથી સામાજિક ક્રાંતિની કેડી કંડારનાર શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી આગામી તા.૧૭મી ફેબ્રુઆરી રવિવારે ૬૦માં સમૂહ લગ્ન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આત્મહત્યા અટકાવવા જાગૃતિ થીમ સાથે યોજાનાર ચેતન્યોત્સવમાં ૨૬૧ યુગલો લગ્નગ્રંથીથી જોડાનાર છે.

મુંબઈ હીરા ઉદ્યોગના અગ્રણી કંપની જે કે સ્ટારના યુવા ડીરેક્ટર શૈલેષભાઈ પોપટભાઈ લુખીના અધ્યક્ષ સ્થાને યોજાનાર ૬૦માં સમૂહ લગ્ન સમારોહમાં લગ્નવિધિ ઉપરાંત સમાજને નવી દિશા અને વિચાર આપવાનો નમ્ર પ્રયાસ થનાર છે. વધી રહેલા આત્મહત્યાના બનાવો અટકાવવા જાગૃતિ માટે ૫૦ હજાર લોકો એક સાથે આત્મહતયા અટકાવવા સંકલ્પ લેશે, છેલ્લા ૨ વર્ષથી આત્મહત્યાના બનાવો ચિંતા જનક રીતે વધી રહ્યા છે. પટેલ સમાજ માટે ચિંતા અને પડકારનો વિષય છે. તેથી આ ૬૦માં સમૂહ લગ્ન સમારોહને જાગૃતિ માટે અનોખી રીતે ઉજવવા નક્કી કરેલ છે.

પિતા વગરની ૨૪ દિકરીઓનું કન્યાદાન ભગીરથ પીઠવડીવાળા કરશે

૨૬૧ યુગલોમાં ૨૪ દિકરીઓના પિતા હયાત નથી. આ દિકરીઓના લગ્નખર્ચના દાતા શ્રી ભગીરથભાઈ પીઠવડીવાળા પરિવાર છે. ૨૪ પરિવારને માટે ઉમદા ભાવથી મનુભાઈ પીઠવડીવાળા પરિવાર ઉમદા સહયોગ આપ્યો છે.

જે કે સટાર મુંબઈ પરિવાર તરફથી ૫૧ દિકરીઓના લગ્ન ખર્ચનું સૌજન્ય પ્રાપ્ત થયુ છે. જ્યારે અગ્રણી બિલ્ડર્સ વલ્લભભાઈ પી. નાવડાવાળા શિવમ એક્સપોર્ટ ઘનશ્યામભાઈ એમ. શંકર તથા કનુભાઈ ભગત પરિવાર તરફથી ૧૧-૧૧ દિકરીઓના લગ્ન ખર્ચ માટે આગળ આવી પટેલ સમાજના સમાજ ઉપયોગી કાર્યને સહયોગ આપેલ છે.

તે ઉપરાંત આમંત્રણ પત્રિકા કંકોત્રીનું સૌજન્ય મનહરભાઈ જે. સાસપરા તરફથી મળેલ છે અને મહેશભાઈ તથા જયંતીભાઈ તાડા તરફથી પણ વિવિધ મીટિંગોનું સૌજન્ય મળેલ છે.

ડીપ્રેશનમાંથી પાછા વળો કરો સમજણનો સરવાળો

સમૂહલગ્ન સમારોહની પ્રવૃત્તિ સાથે પટેલ સમાજે હંમેશા નવી વાત તથા નવી જાગૃતિ માટે પ્રયાસ થયા છે. સમૂહ લગ્ન સમારોહ યોજાય તે પહેલા ૨૬૧ યુગલોના માતા પિતા સાથે મીટિંગનું તા.૧-૨-૨૦૧૯ શુક્રવારે સરદાર પટેલ સ્મૃતિ ભવનમાં આયોજન કરેલ છે. જેમાં મહેશભાઈ પી. સવાણી અને સમાજના શ્રેષ્ઠીઓ ડીપ્રેશનમાંથી બહાર આવવા સમજણ આપશે.

એક સાથે ૫૦ હજાર લોકો આત્મહત્યા અટકાવવા સંકલ્પ લેશે

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતે હંમેશા સારા કાર્યો માટે નવી રાહ દેખાડી તો પટેલ સમાજ તથા અન્ય જ્ઞાતિ સમાજ કે ધર્મના લોકોને પણ પ્રેરણા આપી છે. ''આત્મહતયા''થી સમગ્ર દેશ પીડા અનુભવે છે. ત્યારે જનજાગૃતિ કેળવાય અને આત્મહત્યાના બનાવો અટકે તે માટે ખાસ જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. પી.પી. સવાણી ચૈતન્ય વિદ્યા સંકુલ અઠ્ઠામા રોડ, મોટા વરાછા ખાતે યોજાનાર સમૂહલગ્ન સમારોહમાં એક સાથે ૫૦ હજાર લોકો આત્મહત્યા અટકાવવાના સમૂહમાં સંકલ્પ લઈ જાગૃતિની જ્યોત પ્રગટાવશે. સમાજને સંસથા તરફથી જાગૃતિ પંચામૃત આપવામાં આવેલ છે.

પોલિસ તથા આરોગ્ય વિભાગના કર્મયોગીઓને શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડ આપી સન્માનિત કરાયા

સૂરત

પ્રજાની સેવા અને સુરક્ષા માટે દિનરાત પરિશ્રમ કરીને શ્રેષ્ઠ કામગીરી કરનારા પોલિસના જવાનો, આરોગ્ય કર્મયોગીઓને પ્રજાસત્તાકના અનેરા પર્વે પ્રશસ્તિપત્ર, ટ્રોફી આપીને મંત્રીશ્રીના હસ્તે સન્માનિત કરાયા હતા. જેમાં સુરત જિલ્લાના ૨૦૧૭-૧૮માં શ્રેષ્ઠ કામગીરી કરનારાઓ પોલીસ જવાનોને કડોદરા જી.આઈ.ડી.સી.ના પી.આઈ. શ્રી પી.એ. વળવી, યુ.એચ. સી.શ્રી ગિરીરાજ સિંહ, અલ્તાફભાઈ તથા દિપકભાઈ, મહુવા પોલીસ પી.એ સ.આ.ઈ.શ્રી એ સ.એ લ.વસાવા, યુએચસીશ્રી સોમાભાઈ તથા સુનીલભાઈ તેમજ કામરેજ પો.સ્ટેશનના યુપીસી જયદીપસિંહ તથા મુખ્ય મથકના એપીસીશ્રી ગણેશભાઈને એક્ષેલન્સ સર્ટીફીકેટ તથા ટ્રોફી આપી સન્માનિત કરાયા હતા.

જ્યારે મોબાઈલ હેલ્થ યુનિટમાં એક્ષેલન્સ એવોર્ડ શ્રી દિનેશ પટેલ, રાકેશ સંધાણા, ભરત રાઠોડ, કાંતિ સુરતી તેમજ રોફ સેફટી એક્ષેલન્સ એવોર્ડ શ્રી અંકિત ચૌધરીને મળ્યો હતો. સેવિયર એવોર્ડ શ્રી દિક્ષીતાકુમારી પટેલ તથા જગદિશભાઈ દવે તેમજ ૧૮૧ એક્ષેલન્સ એવોર્ડ જીનલ પટેલ, ખિલખિલાટ માટે ઉમેશભાઈ રમેશભાઈ પટેલને એવોર્ડ આપીને કર્મયોગીઓને સેવાને બિરદાવાય હતી.

નવસારીમાં ૧૮૧ પર પાંચ લાખ કોલ્સની ઉજવણી

નવસારી

મહીલાઓના ઘરેલુ હિંસા, મહિલાલક્ષી યોજનાઓનું માર્ગદર્શન સહિતની કામગીરી ૧૮૧ હેલ્પલાઈન દ્વારા કરવામાં આવે છે.રાજયભરમાં ૪૭ રેસ્કયુવાન તાલીમબધ્ધ સ્ટાફ સાથે ૨૪ કલાક કાર્યરત છે. ૧૮૧ હેલ્પલાઈન થકી મહિલા સશકિતકરણનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરુ પાડયું છે. ૧૮૧ એપ્લીકેશન પણ ગુગલ પ્લે સ્ટોર પર ઉપલબ્ધ છે. રાજયમાં ૪ વર્ષમાં પલાખ મહીલાઓએ ૧૮૧ હેલ્પલાઈનની મદદ મેળવી છે. જયારે નવસારી જિલ્લામાં ૮,૮૭૪ કોલ્સ ૧૮૧ હેલ્પલાઈનને મળ્યા છે.









નવસારી અગ્રવાલ કોલેજ ખાતે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી

મતાધિકાર એ બંધારમ દ્વારા આપેલ અમૂલ્ય અધિકાર છે : સિવિલ જજ આર.એલ. ત્રિવેદી

નવસારી

નવસારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નવસારી ખાતેની એસ.એસ.અગ્રવાલ કોલેજના સભાખંડ ખાતે સિવિલ જજશ્રી આર.એલ.ત્રિવેદીના અધ્યસક્ષસ્થા.ને રાષ્ટ્રી ય મતદાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

નવસારી જિલ્લામાં મતદાર જાગૃતિ અભિયાન માટે જિલ્લામાં પોસ્ટીર મેસ્કોગ્રટ ડિઝાઈન તથા કાર્ટુન ઈન્ફોમગ્રાફિકસની કૃતિઓમાં પસંદ કરેલા શ્રેષ્ઠટ વિજેતાઓને મહાનુભાવોના હસ્તે ચેક અર્પણ કરવમાં આવ્યા હતાં. યુવા મતદારોને મતદાર ઓળખપત્રનું વિતરણ કરાયું હતું. સાથે સાથે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત શ્રેષ્ઠમ કામગીરી બદલ શ્રેષ્ઠ મતદાર નોંધણી અધિકારી/મદદનીશ નોંધણી અધિકારી/શ્રેષ્ઠષ સેકટર ઓફિસર/બુથ લેવલ ઓફિસરને પ્રમાણપત્ર અર્પણ કરી સન્માદન કરવામાં આવ્યુંર હતું. યુવા મતદારોને સંબોધતા સિવિલ જજશ્રી આ ર . એ લ . ત્રિવે દીએ મતાધિકારએ બંધારણ દ્વારા આપેલઅમૂલ્ય અધિકાર છે.યુવા શકિતને રાષ્ટ્રેના વિકાસમાં જોડવાનો અવસર છે. યુવાનો તેમની વિચારધારાને રાષ્ટ્ર નિર્માણમાં જોડવાનો પ્રયાસ કરે. જાગૃત મતદાતાએ પોતાના મતનું મુલ્યધ છે કે નહિ તે માટે સમજી વિચારીને મતદાન કરવું જોઈએ. જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.જી.ગોહિલે જણાવ્યું હતું કે, વિશ્વની શાસન પધ્ધતિઓમાં લોકશાહી સર્વશ્રેષ્ઠ પધ્ધતિ છે. યુવાનો પોતાના મતથી દેશનું શ્રેષ્ઠ ભવિષ્યવ બનાવી શકે છે. યુવાનો લોકશાહીપર્વમાં ચુંટણી પ્રત્યેત જાગૃત રહી દેશની સેવા અભિયાનમાં જોડાય તેવી અપીલ કરી હતી. મતદાન કરવું દરેક મતદારોનો અધિકાર છે. તમામ પોતાનું કર્તવ્યે નિભાવે સાથે સાથે ૧૮ વર્ષ પુર્ણ કરેલ યુવાઓને મતદાતા તરીકે નામ નોંધવા આગળ આવવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે નાયબ જિલ્લા ચુંટણી અધિકારીશ્રી એન.આર.પટેલ, પ્રાંત અધિકારીશ્રી એન.એ.રાજપુત, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ચૌધરી સહિતના મહાનુભાવો તેમજ કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિયત રહ્યા હતાં. ઉપસ્થિરત તમામે પ્રતિજ્ઞા લઇ લોકતાંત્રિક પરંપરાઓની ગરીમા જાળવવાનો સંકલ્પા કર્યો હતો.

નવસારી-વિજલપોર નગરપાલિકા વિસ્તારમાં ભારે વાહનો પ્રતિબંધિત

નવસારી

નવસારી અને વિજલપોર નગરપાલિકા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ શહેરનો ટ્રાફિક વ્યવહાર નિયંત્રિત કરવા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ની પેટા કલમ-૧ના ક્લોઝ (ખ)થી મળેલ સત્તાની રૂએ નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ ડૉ. એમ.ડી. મોડિયાએ તા.૨૫-૧-૨૦૧૯ થી તા.૨૫-૩-૨૦૧૯ સુધી નવસારી નગરપાલિકા અને વિજલપોર નગરપાલિકા વિસ્તારમાં સવારે ૮.૦૦થી બપોરે ૧.૦૦ તેમજ સાંજે ૧૬.૦૦ થી રાત્રિના ૯.૦૦ કલાક સુધી ગુડ્ઝ તથા પેસેન્જર વાહન જેનું વજન ૮.૫ ટન કે તેથી વધારે વજનવાળા વાહનો પર કોઈપણ રસ્તાથી નવસારી, વિજલપોર નગરપાલિકા વિસ્તારમાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ વાહનોમાં સરકારી વાહનો, પોલીસ, વાહનો સ્કૂલ બસ એમ્બ્યુલન્સ, એસ.ટી.બસ, ફાયરના વાહનો અને ઈમરજન્સી સર્વિસમાં સમાવેશ થતો હોય આ વાહનો જાહેરનામાંથી મુક્તિ આપવામાં આવી છે. ઉપરોક્ત હુકમનો અનાદર કરનાર શિક્ષાને પાત્ર થશે.

સીસીકેમેરા કાઢી નાંખવા સંદર્ભે દુકાનદાર પર હુમલો

ઝઘડો કરી દુકાનદારને ચપ્પુ મારી દેવાયું

સુરત

રાંદેર રોડ દિપાંજલી ચાર રસ્તા મનીશ ફેશનની દુકાન પાસે દુકાનમાં લગાડેલા સીસીટીવી કેમેરા કાઢી નાંખવા બાબતે ઝઘડો થતા અને તેનું સમાધાન કરાવવા ગયેલા એક યુવક પર ચાકુ વડે હુમલો કરી શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ચાવડા દંપત્તિ ફરાર થઈ ગયુ હોવાનો બનાવ રાંદેર પોલીસ મથકમાં નોંધાયો હતો. પોલીસે ૩૦૭ મુજબનો ગુનો નોંધ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર રાંદેર રામનગર ગોકુલ રો હાઉસ ખાતે કશીષ વલેન્કા રહે છે. તેમની એક દુકાન રાંદેર રોડ દિપાંજલી સિનેમા ચાર રસ્તા પાસે આવેલી છે. ગત રાત્રે દિન દયાળ સોસાયટી પાસે રહેતા પ્રવિણ ચાવડા અને તેમના પત્ની હર્ષા બેન ચાવડાએ કશીષની દુકાનમાં જઈને સીસીટીવી કેમેરા કાઢી લેવાનું જણાવ્યું હતું અને આ બાબતે તેમની સાથે ઝઘડો થતા પોતાની પાસે રાખેલો ચપ્પુ કાઢી કશિષ પર હુમલો કરી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. પોલીસે દંપતિ સામે આઈપીસી ૩૦૭ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ડાંગ જિલ્લામાં ઠેર ઠેર પ્રજાસત્તાક પર્વની કરાઇ ઉજવણી

આહવા

રાજ્યના છેવાડે આવેલા ડાંગ જિલ્લામાં પણ દેશ સમસ્તની જેમ ઠેર ઠેર ૭૦માં ગણતંત્ર દિવસની ખૂબ જ જોમ, અને જુસ્સા સાથે ઉજવણી કરવામાં આવી હતી.

ડાંગ જિલ્લાનો જિલ્લા કક્ષાનો પ્રજાસત્તાક પર્વનો કાર્યક્રમ આહવા ખાતે યોજાયો હતો. જેની સાથે સુબિર તાલુકાનો તાલુકા કક્ષાનો કાર્યક્રમ અંતરિયાળ વિસ્તારમાં આવેલા **સાજુપાડા** ગામે આયોજિત કરાયો હતો. અહીં સુબિરના તાલુકા મામલતદાર શ્રી એમ.એસ.માહલાના હસ્તે ધ્વજવંદન કરાયુ હતું. આ વેળા સુબિર તાલુકા પંચાયતના અધ્યક્ષા યશોદાબેન રાઉત સહિત ન્યાય સમિતિના અધ્યક્ષા અરૂણાબેન તથા અન્ય પદાધિકારીઓ ઉપરાંત નિવૃત્ત અધિક કલેકટર શ્રી એ.ડી.બાગુલ સહિતના અધિકારીઓએ ઉપસ્થિત રહી પ્રજાસત્તાક પર્વની ગરિમાપૂર્ણ ઉજવણ કરી હતી.

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આવેલા **જિલ્લા પંચાયત**ના પટાંગણમાં ઉપપ્રમુખ શ્રી હરીશભાઇ બચ્છાવના હસ્તે ધ્વજવંદન કરાયુ હતું. આ વેળા જિલ્લા પંચાયતના કર્મચારીઓ સહિત આસપાસની શાળાના બાળકો, વસાહતિઓ વિગેરેએ ઉપસ્થિત રહી હોંશભેર પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરી હતી.

આ ઉપરાંત વઘઈ-સાપુતારા આંતરરાજય ધોરીમાર્ગ ઉપર આવેલા **સાકરપાતળ** ગામે જિલ્લા પંચાયતના સદસ્યા શ્રીમતી સ્મીતાબેન ગાવિતના અધ્યક્ષ સ્થાને ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમા વઘઇ તાલુકા પંચાયતના સદસ્ય શ્રી મંગલેશભાઇ ઉપરાંત સામાજિક કાર્યકરો સર્વશ્રી કિશોરભાઇ ગાવિત, ઘનશ્યામભાઇ ગાવિત, ચીમનભાઇ, ભગુભાઇ સહિતના મહાનુભાવો, અગ્રણીઓ, ગ્રામજનો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. શાળા આચાર્યા શ્રીમતી દિમીબેન સોલંકી અને સુંન્દાબેને કાર્ય વ્યવસ્થા સંભાળી હતી.

ગિરિમથક **સાપુતારા** ખાતે નોટીફાઇડ એરીયા કચેરીના પરિસરમાં ચીફ ઓફિસર શ્રી કે.પી.ગામીતના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યુ હતું. અહીં સ્થાનિક પ્રજાજનો, શાળા/મહાશાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, સ્થાનિક કર્મચારીઓ, હોટલ એસોસિએશનના હોદેદારો અને કર્મચારીઓ વિગેરે ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાપુતારા ગર્લ કુ.પરી પટેલ સહિતના કલાકારોએ અહીં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની પણ અસરદાર રજુઆત કરી હતી.

આહવા ખાતે આવેલી **વન વિભાગ**ની જિલ્લા કચેરી ખાતે દક્ષિણ ડાંગ વન વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી દેવેન્દ્રકુમાર ત્રિવેદીના હસ્તે ધ્વજવંદન કરાયુ હતું. આ વેળા વન અધિકારીઓ સહિતના વનકર્મીઓ અને આસપાસના સ્થાનિક રહેવાસીઓ વિગેરેએ ઉપસ્થિત રહી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

ડાંગ જિલ્લાના મુખ્ય વહિવટી મથક આહવા ખાતે નવનિર્મિત **કલેક્ટર કચેરી**માં આયોજિત પ્રથમ પ્રજાસત્તાક પર્વની ઉજવણી સ્થાનિક મહેસૂલી અધિકારીની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. જેમાં આહવાની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો સર્વશ્રી ડી.બી.મોરે, રામદાસ ભાયે, શૈલેષ તાંબડિયા અને મધુબેન પટેલ સહિત ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઇ, આ ઐતિહાસિક ક્ષણને યાદગાર બનાવી હતી.

આહવાની **જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી**ના પટાંગણમા મદદનીશ પ્રાયોજના અધિકારી જલ્પાબેન સોલંકીના હસ્તે ધ્વજવંદન કરાયુ હતુ. આ વેળા સ્થાનિક કર્મચારીઓ તથા આસપાસના રહેવાસીઓએ ઉપસ્થિત રહી ત્રિરંગાને બાઅદબ સલામી આપી હતી.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

जय अंबे यात्रा संघ आयोजित
काशी साथे नेपाळ ₹.૧૪,૫૦૦/-
प्रवास दिवस-૧૪
(ता.૦૩-૦૨-૨૦૧૯ थी ૧૭-૦૨-૨૦૧૯)
काशी, अलाहाबाद, छपैया, अयोध्या, लुम्बिनी, पोखरा, मनोकामना, गंडकी, पशुपतिनाथ, काठमंडु
रामेश्वरम ₹.૧૨,૦૦૦/-
प्रवास दिवस-૧૪
(ता.૦૫-૦૨-૨૦૧૯ थी ૧૮-૦૨-૨૦૧૯)
कन्याकुमारी, मदुराई, श्रीरंगम, पद्मनाभ, त्रिवेन्द्रम, कोडाई-केनाल, वेल्लुर, तिरुपति बालाजी, कोलमबीच
जगन्नाथपुरी ₹.૧૨,૦૦૦/-
प्रवास दिवस-૧૨
(ता.૨૦-૦૨-૨૦૧૯ थी ૦૫-૦૩-૨૦૧૯)
जगन्नाथपुरी, कलकत्ता, भुवनेश्वर, गंगासागर
सवारे चा-नास्तो, बे टाईम जमवानी व्यवस्था
आववा-जवा माटेनी व्यवस्था प्लेन तथा ट्रेईनमां राखवामां आवी छे.
साइटसीन फरवा माटे 2x2 ए.सी. बस रहेशे
जुज संख्यामां जवानुं होय व्हेला ते पहेलांना धोरणे नोंधावावा विनंती
दरेक जग्याए बे व्यक्ति माटे रुम आपवामां आवशे.
संपर्कः जडेश्वर चोकडी, गजानन कोम्प्लेक्ष, दुकान नं.૧૩, भरुच
M. 78749 60427 - 78749 60465

मढीवाला
लिनीमेन्ट अने पेनबाम
सांधा, कमर, गरदन, नशनां दुखावा माटे असरकारक

022-24147642
022-24147643
उत्पादकः
रेमेडीझ फार्मास्युटिकल्स
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

TEXMO Aqua Group TEXMO AQUATEX
कोईम्बतुरनी प्रख्यात डोमेस्टीक, एग्रिकल्चर अने ईन्डस्ट्रीयल पम्पसनी विशाळ श्रेणी

: ओथोराईझ्ड डिलर :
MEC मेघदूत एन्जीनीयरींग कां.
७/४५२२, किशोर कोल्ड्रींक्स पासे, दारुखाना रोड, बेगमपुरा, सुरत. मो.: 9825248425, 0261-2418533

merino
फ्लेट - बंगला - ओफिसना फर्नीचर माटे उत्तम क्वोलीटीनुं प्लायवुड
- मेरीनो लेमीनेट सीटस्
- 100% गरजन (Gurjan) B.W.P. वोटरप्रुफ प्लायवुड
- सेमी वोटरप्रुफ (गरजन) प्लायवुड
- फुल पेनल कोर कोमर्शीयल M.R. प्लायवुड
- बांधकाम माटे शटरींग प्लायवुड
- Ex-cel पी.वी.सी. सीट
- डेकोरेटीव विनीयर - लेमीनेट - M.D.F. सिमेन्ट सीट, फेवीकोल ब्लुकोट

जथ्थाबंध भावे मळशे.
ओर्थो. डिस्ट्रीब्युटर
घाएल प्लायवुड रमेशभाई
3-४, प्रोप्राईटरी हाईस्कूल बिल्डींग, बुंदेलावाड, कोट सफील रोड, भागळ, सुरत-3.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .


GS, MS अने C.S. पाईपो
गेल्वेनाईझ तेमज MS चोरस अने लंबचोरस पाईपो
IBR पाईप अने IBR फींटींग्स
MS अने GI फींटींग्स अने वाल्स
चेनल, एन्गल, बीम, प्लेट
मुगटलाल बी. એન્ડ सन्स
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : २३६८६११,२३४४९११ ● E-mail : info@mugatlalbsons.com

તા.૩૦'મીએ વડાપ્રધાન મોદીના હસ્તે

નવનિર્મિત શ્રીમતી રસીલાબેન સેવંતીલાલ શાહ વિનસ હોસ્પિટલનું લોકાર્પણ કરશે

મા અમૃત્તમ, માં વાત્સલ્ય યોજના તથા આયુષ્યમાન ભારત યોજનાઓને જોડવામાં આવી છે

સુરત

સૂરત શહેરમાં શતાબ્દી ઉપરાંતથી કાર્યરત અગ્રણી સેવા સંસ્થા અશકતાશ્રમ કેમ્પસમાં નવનિર્મિત શ્રીમતી રસીલાબેન સેવતીલાલ શાહ વિનસ હોસ્પિટલનું આગામી તા.૩૦મી જાન્યુઆરીના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ઉદ્ઘાટન થનાર છે. આ અંગે મીડિયાને માહિતગાર કરવા આજે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના હોદ્દેદારો ઉપરાંત દાતા વિનસ જવેલર્સના ભાગીદાર અને સંસ્થાના ટ્રસ્ટીશ્રી સેવંતીભાઈ શાહ અને હિતેશભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

અશકતાશ્રમ પરિવારના પ્રમુખશ્રીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, સને ૧૯૧૨માં અશકત અને નિરાધારની સેવા સુશ્રુષા માટે શરૂ થયેલી સંસ્થામાં ૮૦ વર્ષ પહેલા નાનુ દવાખાનું શરૂ કર્યું હતું. ત્યાર બાદ ઉત્તરોત્તર પ્રગતિ કરી ઈ.સ.ી.૧૯૪૮થી અશકતાશ્રમ હોસ્પિટલ નામથી હોસ્પિટલ શરૂ કરવામાં આવી હતી. જે સમય જતા અગ્રણી હોસ્પિટલોમાં ગણના પામતી હતી પરંતુ ટેકનોલોજી અપગ્રેડેશનના અભાવે હોસ્પિટલ સમય સાથે તાલમેલ રાખી શકતી ન હતી. સંસ્થાના ટ્રસ્ટી અને સેવાભાવી દાનવીર શ્રી સેવંતીભાઈ શાહ અને તેમના પરિવારના સૌજન્યથી શ્રીમતી રસીલાબેન સેવતીલાલ શાહ વિનસ હોસ્પિટલ નામની નવનિર્મિત અદ્યતન સ્ટેટ ઓફ ધી આર્ટ હોસ્પિટલ જાહેર જનતાની સેવા માટે કાર્યરત થઈ રહી છે. આ સ્વપ્નનું સેવતીભાઈ શાહ અને તેમના પરિવારના સહયોગથી શકય બન્યું છે.

નવનિર્મિત હોસ્પિટલના સ્વપ્નદ્રષ્ટ્રા, હીરા ઉદ્યોગ અગ્રણી અને વિનસ જવેલર્સના માલિક શ્રી સેવતીભાઈ શાહે જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં આર્થિક સહયોગ આપ્યા બાદ જે રીતે પ્રમાણિકતા અને સિધ્ધાંતો સાથે જે રીતે હીરા ઉદ્યોગમાં સફળતા મેળવી છે તે જ રીતે આ સફળ હોસ્પિટલનું નિર્માણ કરવાની ખેવના જાગી હતી. હોસ્પિટલના પ્લાનિગ એન મેનેજમેન્ટ માટે સમય આપ્યો જે સ્વપ્ન સાર્થક થયું હોવાનું તેમણે જણાવ્યું હતું. નીતિમત્તા સાથે ગુણવત્તા સભર આરોગ્ય સેવાનો નિર્ધારએ આ હોસ્પિટલનો ધ્યેય છે. વધુમાં બિન જરૂરી મેડીકલ રીપોર્ટસ ન કરાવવા પડે અને લોકોને સારી અને સસ્તી સેવાઓ તે માટે હોસ્પિટલ પરિવાર કટિબધ્ધ હોવાનું શ્રી શાહે જણાવ્યું હતું. હોસ્પિટલમાં અદ્યતન આઈ.સી.યુ., હદયરોગની સારવાર માટે અદ્યતન કેથલેબ અને મોડયુલર ઓપરેશન થિયેટર તથા સ્પેશિયલ રૂમ જેવી સવતલ ધરાવતા વાતાનુકૂલિત જનરલ વોર્ડ છે. નિષ્ણાંત ડોકટરો દ્વારા એ ન.એ.બી.એસ.ના ધોરણો અનુસાર ઉચ્ચ ગુણવત્તાસભર સારવાર ઉપલબ્ધ થશે. મુખ્યમંત્રી અમૃત્તમ યોજના, મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના તથા આયુષ્માન ભારત યોજના સાથે હોસ્પિટલને સાંકળવામાં આવી છે. લાલ દરવાજા ફલાયઓવર નજીક આવેલી આ હોસ્પિટલના કેમ્પસ ખાતેના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તથા મુખ્ય મહેમાનો તરીકે આરોગ્યમંત્રીશ્રી કિશોરભાઈ કાનાણી, મેયરશ્રી જગદીશભાઈ પટેલ, સાંસદ સર્વશ્રી દર્શનાબેન જરદોશ, સી.આર.પાટીલ, શહેર ભાજપ પ્રમુખશ્રી નીતિનભાઈ ભજીયાવાલા, ધારાસભ્યો, ઉદ્યોગપતિઓ, સમાજ સેવકો તથા વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરની ઉપસ્થિતિમાં

ફણસા ખાતે કોળી પટેલ સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાયો



ફણસા ગામે નિર્માણ થનાર કોળીપટેલ સમાજના સાંસ્કૃતિક ભવનનું ખાતમુહૂર્ત કરાયું

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કોળી પટેલ સમાજનો સ્નેહમિલન સમારંભ વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરની ઉપસ્થિતિમાં ફણસા ખાતે યોજાયો હતો. આ અવસરે કોળી પટેલ સમાજ ટ્રસ્ટના નવા નિર્માણ પામનાર સાંસ્કૃતિક ભવનનું ખાતમુહૂર્ત કરવા ઉપરાંત સમાજમાં વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનારાઓ, શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર તેજસ્વી તારલાઓ, પી.એચ.ડી., ડોકટરો, રમતવીરોને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ અવસરે આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, દરેક સમાજ પોતાનું સાંસ્કૃતિક ભવન બનાવે અને સમાજના દરેક લોકો સમૂહલગ્નમાં જોડાય તો લગ્નનો ખર્ચ બચવાની સાથે સમાજનો વિકાસ પણ ખૂબ જ ઝડપી બનશે. ફણસા ખાતે લોકસહયોગથી નિર્માણ થનારા કોળી પટેલ સમાજનો સાંસ્કૃતિક ભવન માટે દાન આપનારા દાતાઓને સમાજના વિકાસમાં સહભાગી થવા બદલ અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, આ ભવન ફણસા તેમજ તેની આજુબાજુના અનેક ગામોમાં રહેતા દરેક સમાજ માટે અને આવનારી પેઢી માટે આશીર્વાદરૂપ બનશે. સારો દષ્ટિકોણ ધરાવનાર વ્યક્તિ હંમેશા સમાજના વિકાસ માટે અગ્રેસર રહે છે, ત્યારે દરેક વ્યકિત પોતાની જવાબદારી સમજી સમાજ ઉપયોગી કાર્યોમાં પોતાનું યોગદાન આપી જરૂરિયાતમંદોને મદદરૂપ બને તે જરૂરી છે, તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. રાજપીપળા ખાતે બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી બનવાથી આદિજાતિ વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણની તકો ઉપલબ્ધ કરાવી છે. 'સૌનો સાથ સૌનો વિકાસ' સૂત્રને સાચા અર્થમાં સાકાર કર્યું છે, તેમ જણાવી મંત્રીશ્રીએ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસકાર્યોની જાણકારી આપી હતી. સ્વાગત પ્રવચનમાં કૈલાસભાઈએ સૌને આવકાર્યા હતા. જે.એન.સી. હાઈસ્કૂલની બાળાઓએ પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કર્યું હતું. રનાર દેવકુવાની બાળાઓએ ગરબો રજૂ કર્યો હતો. આ અવસરે ટ્રસ્ટના પ્રમુખ કાંતિભાઈ એમ. કોળી, ઉપપ્રમુખ અંબુભાઈ, અતુલભાઈ, મંત્રી દિપકભાઈ, હસમુખભાઈ એન. પટેલ, સંધ્યાબેન, માજી ધારાસભ્ય શંકરભાઈ વારલી, ફણસાના સરપંચ સરોજબેન, કોળી સમાજના અગ્રણીઓ, ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરાઇ

કંપનીના એમ.ડી. આર્દ્રા અગ્રવાલે ધ્વજવંદન કરીને સલામી આપી વીજ સલામતી અંગે વધુ પ્રયત્નશીલ અને સંવેદનશીલતા સાથે કાર્ય કરવાનો અનુરોધ કરતા આર્દ્રા અગ્રવાલ

સૂરત

દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા ૭૦માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કંપનીના મુખ્ય કચેરીના પ્રાંગણ ખાતે હર્ષ-ઉલ્લાસ સાથે કરવામાં આવી હતી. વીજ કંપનીના મેનેજીંગ ડિરેક્ટર– શ્રીમતી આર્દ્રા અગ્રવાલે હાજર સૌને પ્રજાસત્તાક દિનની શુભેચ્છા પાઠવીને બંધારણના ઘડવૈયાઓ અને મહાનુભાવોનું સ્મરણ કર્યું હતું.

મેનેજીંગ ડિરેક્ટરશ્રીએ રાજય સરકારની કિસાન કલ્યાણકારી સૂર્યશક્તિ કિસાન યોજના - સ્કાય–અંતર્ગત લાભાર્થી ખેડૂતોને વધુમાં વધુ લાભ મળી શકે તેવા સનિષ્ઠ પ્રયાસો કરવા સૌ વીજકર્મીઓને અનુરોધ કર્યો હતો. કંપનીના તકનીકી, નાણાકીય અને અન્ય પરિમાણો પર મેળવેલી સિધ્ધિઓ વિશે માહિતી આપતા જણાવ્યું કે, સિધ્ધિઓથી આપણી જનસેવાની જવાબદારી વધી છે અને વધુ ગુણવત્તાયુક્ત વીજ સેવાઓ પૂરી પાડી માત્ર 'કન્ઝયુમર સેટીસ્ફેક્શન' જ નહી પણ 'કન્ઝયુમર ડિલાઈટ' ના સ્તરને હાંસિલ કરવાની હિમાયત કરી હતી.

મેનેજીંગ ડિરેક્ટરશ્રીએ લાઈન–સ્ટાફના કર્મચારીઓ દ્વારા નિભાવાતી વીજ સેવાઓને સવિશેષ બિરદાવીને સૌ કોઈને વીજ સલામતી અંગે વધુ પ્રયત્નશીલ અને સંવેદનશીલ રહેવા જણાવ્યું હતું. ૭૦માં પ્રજાસત્તાક દિનની ઉજવણી વખતે વીજ કંપનીના અધિકારીગણ, કર્મચારીભાઈ–બહેનો, જીયુવીએનએલ પોલીસ સ્ટાફ અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

સીનિયર સિટીઝન ખેલાડીઓ માટે જાણવા જોગ

સુરત

જિલ્લા રમતગમત અધિકારીની કચેરી સુરત શહેર તથા ગ્રામ્ય વિસ્તારની કચેરી દ્વારા કેરમ, રસ્સાખેંચ, ક્રિકેટ, ચેસ, એથ્લેટિક્સ, યોગાસન તથા વોલીબોલ રમતની જીલ્લા કક્ષાની સ્પર્ધા આગામી સમયમાં યોજાનાર છે. શહેર તથા જીલ્લામાથી ભાગ લેવા ઇચ્છતા સિનીયર સિટીઝન ખેલાડી ભાઈઓ/બહેનોએ તા.૨૯/૦૧/૨૦૧૯ સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, નાનપુરા, સુરત ખાતે પોતાના નામ રજીસ્ટ્રેશન કરાવવાના રહેશે.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન ગુજવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. જાહેરાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા ૬૫ મુજબ ચુકવેલ આપકમાંથી ચુકવણ જશો, જે માટે સાથે ડાઉનલોડ કોપક પરથી આપ સમજુ શકશો.

તો આવો સૌ સાથે મળી અસવતીકારનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થયેલ મોટી આવક કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (સોટો મોડવી રુપાવી) આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે આપે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૧૦૦૦/- (સોટો મોડવી રુપાવી) આપનો કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વહીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે આપે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.

પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્સનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
- જે વિદ્યાર્થીઓએ એડમીશન ફોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફ્રી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૬ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ ક્લાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802





કોલેજ રોડ બીજી વખત અસામાજિક તત્વો દ્વારા ત્રણ બાઈકને સળગાવી દીધી



ભરૂચના કોલેજ રોડ પર થોડાં દિવસ પહેલા બે બાઈકોને આગ લગાડવામાં આવી હતી. અને હજુ તે આગ લગાડવાનું કારણ ખબર પડ્યું નથીને ત્યાં તો ગત મોડી રાતે પાર્ક કરેલ ૩ બાઈકમાં કોઈ અસામાજિક તત્વો દ્વારા આગ લગાવી આગ લગાવી દેતાં ત્રણે બાઈકો આગમાં બળીને ખાખ થઈ હતી. ઘટનાની જાણ ફાયર વિભાગને કરતા, ફાયર ફાઈટર ઘટના સ્થળે આવી આગ પર કાબુ મેળવ્યો હતો.જોકે આગ ક્યાં કારણો સર લાગી છે તેની કોઈ જાણકારી મળી ન હતી.બનાવ સંદર્ભે સી ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, ભરુચ કોલેજ પાસે કંપનીમાં કામ અર્થે જતા કર્મચારીઓ લેવા માટેની આવતી બસો કોલેજ પાસે આવતી હોય છે. કર્મચારીઓ પોતાની ગાડીઓ ત્યાંજ પાર્ક કરીને ભરુચની આજુબાજુ આવેલી કંપનીઓમાં જતા હોય છે.ત્યારે પોતાની બાઈક કોલેજ પાસે પાર્ક કરતા હોય છે.તેથી કોલેજ રોડ ગાડીઓની પર લાંબી કતારો જોવા મળે છે.

ભરુચ નગરપાલિકા દ્વારા પણ તાજેતરમાં જ એબીસી ચોકડી પાસેની ડમ્પિંગ સાઈડ પર આવા વાહનો માટે પાર્કિંગ બનાવામાં આવ્યું છે. જેનું કામ હાલ ચાલુ હોય ભરુચ એબીસી સર્કલથી માંડી છેક શ્રવણ ચોકડી સુધીના રોડ પર પાર્ક કરીને જતા લોકો માટે સુવિધા ઉભી થશે. હાલમાં પણ એબીસી સર્કલ પર પાર્કિંગ ઝોન કાર્યરત છે. પણ એમાં વાહનો નહીં પાર્ક કરી રોડ પર મૂકીને જતા કર્મચારીઓ ને આવી પરિસ્થિતિનો સામનો કરવો પડે છે.

રાજપીપળા ખાતે ભગવા રેલી તથા ભારતમાતા પૂજન કાર્યક્રમ યોજાયો



રાજપીપળા : શનિવારે પ્રજાસત્તાક પર્વ નિમિત્તે રાજપીપળા વિશ્વ હિન્દૂ પરિષદ તથા બજરંગદળ દ્વારા ભગવા રેલી તથા ભારતમાતા પૂંજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો

આ કાર્યક્રમમાં વીએચપીના પ્રમુખ નિશીથભાઈ ટેલર બજરંગદળ નર્મદા જિલ્લાના અધ્યક્ષ પ્રજ્ઞેશકુમાર રામી તેમજ અધ્યક્ષ અંકુરભાઈ ઋષિ સત્સંગ પ્રમુખ સુરેશભાઈ પાટણવાડીયા સાથે રાજપીપળા શહેરના સામાજિક આગેવાનો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો સાથે સાથે આ કાર્યક્રમ માં દુર્ગાવાહિનીના પ્રમુખ સ્નેહાબેન ઋષિએ પણ ખાસ હાજરી આપી હતી ભગવા રેલી રાજપીપળા શહેરમાં ફરી ત્યારબાદ દોલતબજાર ખાતે સમાપન કરાયું હતું જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

તિલકવાડામાં થયેલી રૂા.૮૯ હજાર ની ચોરીના ગુનાના ત્રણ આરોપીઓનો નિર્દોષ છુટકારો



બે વર્ષ અગાઉ સ્ટેટ બેંક એટીએમ,શોરૂમ અને પાણી પુરવઠાની ઓફિસમાં થયેલી ચોરીમાં પકડાયેલા ત્રણનો વકીલની ધારદાર દલીલો બાદ નિર્દોષ છુટકારો

રાજપીપળા : નર્મદા જિલ્લાના તિલકવાડા ખાતે ગત તારીખ ૧૫/૦૯/૨૦૧૬ ના રોજ થયેલી ચોરી પૈકી તિલકવાડા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા એટીએમનું શટર તોડી તથા બારીની લોખંડની ગ્રીલ તોડી બેંન્ક માંથી સીપીયુ તથા સીસીટીવી કેમેરાનુ ડીવીઆર મળી કીમત રૂ.૪૦,૦૦૦/- ની ચોરી તથા તિલકવાડા શો-રૂમના શટર તોડી રોકડા રૂા.૨૯,૩૦૦/- ની ચોરી કરી તથા પાણી પુરવઠાની ઓફીસના દરવાજાના નકુચા તોડી અંદર પ્રવેશ કરી એમ કુલ રૂા.૮૯,૩૦૦/-ની ચોરીનો ગુનો કરી જે કેશ કોર્ટમાં ચાલી જતા નામદાર કોર્ટે આરાપીઓ પૈકી મુકેશભાઈ કેનિયાભાઈ ભાભોર , કાજુભાઈ માનસિંગભાઈ ભુરીયા, રમેશ ઉર્ફે મુનિયા ભાભોર (તમામરહે , ધનાર પાટિયા,જી.દાહોદ) વિરૂધ્ધ પ્રોસેસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ. જે કેસમાં આરોપી (બચાવ) પક્ષે વિદ્વવાન વડીલ તૌસીફ એ.ઠાકોરે ૧૯ મૌખીક પુરાવાઓ તેમજ ૪ દસ્તાવેજી પુરાવાઓને ક્રોસ કરેલ હતાં.જેથી વકીલ તૌસીફ એ.ઠાકોરની ધારદાર દલીલોને ગ્રાહય રાખી નામદાર તિલકવાડાના જયુ.મેજી.એ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો હતો .

સુરતનું ગોપીતળાવ ક્લીન સ્ટ્રીટ ફુડ હબ તરીકે જહેર કરાયું

સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટીએ ધોરણો માન્ય કર્યા

સુરત

ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હી દ્વારા ક્લીન સ્ટ્રીટ ફુડ હબ તરીકે સમગ્ર ભારતમાં અમદાવાદ ખાતે આવેલ કાંકરીયા તળાવને પ્રથમ ક્લીન સ્ટ્રીટ ફુડ હબ તરીકે જાહેર કરવામાં આવેલ હતું. ત્યારબાદ સુરત મહાનગરપાલિકાએ પણ ક્લીન સ્ટ્રીટ ફુડ હબ તરીકે ઉમેદવારી નોંધાવવામાં આવેલ હતી. જેના અનુસંધાને ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હીના અધિકારીઓ દ્વારા તા.૨૧-૧૧-૨૦૧૮ અને ૦૭-૧-૨૦૧૯ના રોજ ગોપીતળાવ ખાતે ઓડીટ કરવામાં આવેલ હતું. જેનાં અનુસંધાનમાં સુરતનું ગોપીતળાવ તમામ કસોટીમાં ખરૂ ઉતરતાં ભારતમાં ગુજરાત રાજ્યની બે ક્લીન સ્ટ્રીટ ફુડ હબ જાહેર કરવામાં આવેલ હતી. જેમાં સુરત ખાતેના ગોપીતળાવ અને અમદાવાદ ખાતે આવેલ અર્બન ચોકને ક્લીન સ્ટ્રીટ ફુડ હબ તરીકે જાહેર કરવામાં આવેલ છે. સુરતનાં ગોપીતળાવને ક્લીન સ્ટ્રીટ ફુડ હબ તરીકે જાહેર કરી તા.૨૮-૧-૨૦૧૯ના રોજ ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હી ખાતે એવોર્ડ એનાયત કરવામાં આવશે.

અમરોલી કોલેજમાં ૭૦માં ગણતંત્ર દિવસ નિમિત્તે ધ્વજવંદન યોજાયું

કોલેજ-શાળા પરિવારે સ્વચ્છતા અભિયાન અંગે શપથ ગ્રહણ કર્યા

સુરત

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના કોલેજ કેમ્પસ પર શનિવાર તા.૨૬-૧-૨૦૧૯ના રોજ સવારે ૮.૩૦ કલાકે અમરોલી કોલેજના આચાર્ય ડૉ. કે.એન. ચાવડાના નેતૃત્વ હેઠળ આદરણીય અરવિંદ રામાસ્વામી નાંદુહાલ, અંકેશભાઈ સી. શાહ, ટ્રસ્ટી શબરી છાત્રાલય આશ્રમ અને ભરતભાઈ શાહ પ્રમુખ જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલીના વરદ હસ્તે થયું હતું. આ પ્રસંગે જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રી અશ્વિનભાઈ પટેલ, ભાનુકુમાર એન. શાહ, અનુજકુમાર યુ.શાહ, સ્નેહલભાઈ કે. શાહ, જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બી.એ.બી.કોમ., બી.સી.એ., એમ.એમ., એમ.કોમ., બી.સી.એ. કોલેજના ઈન્ચાર્જ આચાર્ય પ્રો.ડૉ. મુકેશ ગોયાણી અને એસ.પી.બી. સ્કૂલના આચાર્યા કલ્પનાબેન દેસાઈ, અમરોલી તેમજ સમગ્ર સંકુલના શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વાલીઓ સહિત વિશાળ સમુદાયમાં વિદ્યાર્થીગણ હાજર રહ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના આચાર્ય ડૉ. કે.એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રો. ડૉ.આર.ડી. રાણા, પ્રો.નેહાબેન ઉપાધ્યાય, પ્રા.જે.બી. ચૌધરી, પ્રો.વી.એમ. ચૌધરી તથા શૈક્ષણિક અને વહીવટી કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવી હતી.

આ પ્રસંગે એન.સી.સી. ઓફિસર લેફ્ટનન્ટ પ્રા. ડૉ. પુનિતા પટેલ અને એન.સી.સી.ના વિદ્યાર્થીનીઓની એન.સી.સી.ગાર્ડ કમાન્ડર એસયુઓ-રૂષિતા ચભડિયા, જેયુઓ મિયાની ખુશાલી, એસજીટી માલસણા કિષ્નાની રાહબરી હેઠળ એન.સી.સી.ના વિદ્યાર્થીઓએ ભવ્ય પરેડ કરી હતી. ત્યારબાદ એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓએ નૃત્ય તેમજ નાટક દ્વારા સ્વચ્છતા અભિયાન તેમજ સમાજમાં ફેલાયેલા કુરિવાજોની જાગૃતિ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરી હતી. કોલેજ તથા શાળા પરિવારે સ્વચ્છતા અભિયાન અંગે શપથ લીધા હતા.

વ્યારા ખાતે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરાઈ

પોલીસ અધિક્ષક ચૌધરીના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો

વ્યારા

તા. ૨૫મી, જાન્યુઆરી, ભારતીય ચૂંટણી પંચના સ્થાપના દિનને ભારતીય ચૂંટણી પંચ દ્વારા રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેના ઉપલક્ષમાં તાપી જિલ્લાના વડામથક વ્યારા ખાતે આવેલી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે તાપી જિલ્લાના પોલીસ અધિક્ષક એન.એન.ચૌધરીની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી નિમિત્તે ઉપસ્થિતોને સંબોધતા પોલીસ અધિક્ષક એન.એન.ચૌધરીએ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીનો આશય સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, વિશ્વની સૌથી લોકશાહી ગણાતા આપણા દેશની ચૂંટણી પ્રક્રિયામાં મતદાતાઓની ભાગીદારી વધે, મતદારોમાં જાગૃતિ આવે એ માટે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવે છે એમ જણાવી તેમણે જેણે ૧૮ વર્ષ પુરા કર્યા હોય તેવા તમામ યુવાઓ મતદાર તરીકે નોંધણી કરાવી મતાધિકારનો ઉપયોગ કરે એવી અપેક્ષા વ્યકત કરી હતી.

તાપી જિલ્લાના અધિક નિવાસી કલેકટર બી.બી.વહોનિયાએ પ્રાસંગિક ઉદબોધન કરતા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી અને ચૂંટણી પ્રક્રિયામાં મતદાતાની ભૂમિકા અંગે વિગતે સમજ આપી તેમણે કોઈ પણ મતદાર બાકી ન રહે એવા થીમ સાથે યોજાયેલા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીના આશય પાર પડે એ માટે સૌના સહકારની અપેક્ષા વ્યકત કરી હતી.

કાર્યક્રમ દરમિયાન જિલ્લા પોલીસ અધિક્ષક એન.એન.ચૌધરી અને અન્ય મહાનુભાવોએ દિવ્યાંગ મતદારોઅને શતાયુ મતદારોનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. વધુમાં યુવા મતદારો કે જેઓ પ્રથમ વખત આગામી લોકસભાની ચૂંટણીમાં મતાધિકારનો ઉપયોગ કરનાર છે તેઓનું ફુલ આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત શ્રેષ્ઠ કામગીરી કરનાર બુથ લેવલ ઓફિસર, સુપરવાઈઝર વગેરેને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. વધુમાં યુવા મતદાર મહોત્સવ અંતર્ગત યોજાયેલી વિવિધ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા ઉમેદવારોને અને કેમ્પસ એમ્બેસેડરોને પ્રમાણપત્ર અને ચેક એનાયત કરવામાં આવ્યા હતા. કોલેજના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય મતદાતા દિવસના ઉપલક્ષમાં તેમનું વકતવ્ય રજૂ કર્યું હતું. કાર્યક્રમનું સ્વાગત પ્રવચન કરતા જિલ્લા શિક્ષણાધિકારી બી.એમ.પટેલે કાર્યક્રમનો આશય સ્પષ્ટ કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ મતદાર જાગૃતિ અંગેનો ગરબો, નૃત્યનાટિકા અને ગીત રજૂ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન અરવિંદભાઈ ગામીતે અને આભારવિધિ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી આશાબેન વસાવાએ આટોપી હતી.

તાપી જિલ્લા કલેક્ટર ડામોરને શ્રેષ્ઠ ચૂંટણી અધિકારી તરીકેનો એવોર્ડ

વ્યારા

તાપી જિલ્લાના સમાહર્તા અને જિલ્લા ચૂંટણી અધિકારી એન.કે ડામોરને ગાંધીનગર ખાતે યોજાયેલા રાષ્ટ્રીય મતદાતા દિવસની રાજયકક્ષાના કાર્યક્રમમાં શ્રેષ્ઠ ચૂંટણી અધિકારી તરીકેનો રાજયકક્ષાનો એવોર્ડ રાજયના મહામહિમ રાજયપાલ ઓમપ્રકાશ કોહલીના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

ભારતના ચૂંટણી પંચના સ્થાપના દિન તા. ૨૫મી, જાન્યુઆરીને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તા. ૨૫મી, જાન્યુઆરી, ૨૦૧૯નો રાજયકક્ષાનો રાષ્ટ્રીય મતદાતા દિવસ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાજયના શ્રેષ્ઠ ચૂંટણી અધિકારી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, મતદાર નોંધણી અધિકારી, મદદનીશ મતદાર નોંધણી અધિકારી તેમજ ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા અન્ય અધિકારીઓને સન્માનવામાં આવે છે.

રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીના ઉપલક્ષમાં તાપી જિલ્લાના કલેકટર અને ચૂંટણી અધિકારી એન.કે ડામોરને સૌથી સારા ચુંટણી વ્યવસ્થાપન, મતદારોમાં જાગૃતિ આવે અને જિલ્લામાં મતદાનની ટકાવારી ઉંચી આવે એ માટે કરવામાં આવતી સ્વીપ એકટીવીટી અંતર્ગત કરવામાં આવેલી સારામાં સારી કામગીરી, માહિતી ટેકનોલોજીના વધુમાં વધુ ઉપયોગ કરી મતદારો સુધી પોહંચવાની નવતર પહેલ અને વર્ષઃ ૨૦૧૭માં યોજાયેલી ચૂંટણી દરમિયાન ખૂબ સારી સુરક્ષા વ્યવસ્થાપનની કામગીરીના કારણે કોઈ અનઈચ્છનીય બનાવ બન્યો ન હતો. ટુંકમાં ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલ તમામ પાસાઓમાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ તાપી જિલ્લા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી એન.કે ડામોરને શ્રેષ્ઠ ચૂંટણી અધિકારી તરીકેના રાજયકક્ષાના એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી. ગતરોજ તા. ૨૫મી, જાન્યુઆરીના રોજ ગાંધીનગર ખાતે આવેલ મહાત્મા મંદિર ખાતે આયોજીત રાષ્ટ્રીય મતદાતા દિવસના કાર્યક્રમમાં રાજયના મહામહિમ રાજયપાલ ઓ.પી. કોહલીના હસ્તે તાપી જિલ્લાના કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી એન.કે.ડામોરને આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

નવસારીના કલેક્ટર મોડીયાને શ્રેષ્ઠ ચૂંટણી અધિકારીનો એવોર્ડ

નવસારી

સમૃદ્ધ લોકશાહીના નિર્માણ-જતન માટે ચૂંટણી પ્રક્રિયામાં શ્રેષ્ઠ કામગીરી બદલ નવસારી જિલ્લા કલેકટર અને ચુંટણી અધિકારી ડૉ. એમ.ડી.મોડીયાને રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી અંતર્ગત ગાંધીનગર ખાતે આજ રોજ રાજયપાલશ્રી ઓ.પી. કોહલીના હસ્તે શ્રેષ્ઠ જિલ્લા ચુંટણી અધિકારીનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.





રોટરી કલબ અને રોટ્રેક્ટ સંસ્થા દ્વારા રાજપીપળાના સફેદટાવર ખાતે ધ્વજવંદન કાર્યક્રમની અનોખી ઉજવણી



પ્લાસ્ટિક અંગે જન જાગૃતિ કેળવવા ૫૦૦૦ ઈકો ફેન્ડલી બેગ નું વિતરણ કરાયુ

રાજપીપળા : શનિવારે ૭૦માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી દેશભરમાં થઈ રહી છે ત્યારે રાજપીપળામાં એક અનોખી ઉજવણી કરાઈ .રાજપીપળાની રોટરી અને રોટ્રેક્ટ ક્લબ નામની સામાજિક સંસ્થા દ્વારા સામાન્ય પ્રજામાં રાષ્ટ્રભક્તિ જાગે અને તમામ લોકો આ પર્વમાં ભાગ લઈ શકે તે માટે એક વર્ષે અગાઉ જાહેર જગ્યા એવા સફેદ ટાવર વિસ્તારમાં ૭૧માં સ્વતંત્ર પર્વની ઉજવણી કરી નર્મદા જિલ્લાના ઈતિહાસમાં જાહેર જગ્યા પર સ્વાતંત્ર્ય પર્વ ઉજવવાની પહેલ કરી હતી.તે મુજબ આ વર્ષે સતત બીજા વર્ષે પણ એમની સંસ્થા દ્વારા ૭૦માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી સફેદ ટાવર વિસ્તારમાં કરાઈ હતી.ધ્વજવંદન બાદ રાષ્ટ્રગીતનાં ગાન સાથે જ વાહનવ્યવહાર પણ થંભી ગયા હતા સાથે સાથે બજાર વચ્ચે ચાલતા રાહદારીઓ પણ રાષ્ટ્ર ધ્વજને સલામી આપવા થંભી ગયા હતા.સૌએ રાષ્ટ્રના સન્માનમાં પોતાની જગ્યા પર ઉભા રહીને રાષ્ટ્રભક્તિના દર્શન કરાવ્યા હતા.આ પર્વમાં અનેક સામાજિક સંસ્થા સાથે મોટી સંખ્યામાં શહેરીજનો પણ જોડાયા હતા.

કાર્યક્રમ ના અંતે પ્લાસ્ટિક અંગે જન જાગૃતિ કેળવવા ૫૦૦૦ ઈકો ફેન્ડલી બેગ નું વિતરણ કરાયુ હતું ,ઉલ્લેખનીય છે કે સામાન્ય માણસ પણ સ્વતંત્ર પર્વમાં સહભાગી બને તેવો આ પ્રયાસ જાહેર માં થતાં આ કાર્યક્રમને સારો પ્રતિસાદ મળી રહ્યો છે, ઉપરાંત સાંજે લોક ડાયરાનો કાર્યક્રમ પણ રાખવામા આવ્યો છે . રોટરી અને રોટ્રેક્ટ ક્લબ દ્વારા આ સતત ત્રીજીવાર ધ્વજવંદન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

ગણતંત્ર દિનની ઉજવણીમાં રાજય સરકારના વિવિધ વિભાગોના ટેબ્લો બન્યા આકર્ષણનું કેન્દ્ર

સૂરત

૭૦મા પ્રજાસત્તાક પર્વ ૨૬મી જાન્યુઆરીની સુરત જિલ્લાકક્ષાની ઉજવણી પલસાણા તાલુકાના એના ગામે કરવામાં આવી હતી. આ પ્રસંગે યોજાયેલી પરેડમાં રાજય સરકારની કલ્યાણકારી યોજનાઓની ઝાંખી કરાવતા વિવિધ ૧૦ જેટલા વિભાગોના ટેબ્લો ઉપસ્થિત દર્શકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ વેળાએ આઈ.સી.ડી.એસ. કચેરી, આરોગ્ય વિભાગ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પોલીસ વિભાગ, ખેતીવાડી શાખા, વન વિભાગ, શિક્ષણ, દ.ગુજરાત વીજ કંપની, ૧૦૮ ઈમર્જન્સી સેવા, ડી.જી.વી.સી.એલ. એમ ૧૦ ટેબ્લોએ કલા, સાંસ્કૃતિક અને જીવન શૈલી વિષય રજુ કરતા ટેબ્લો રજુ થયા હતા.

દહેજ ખાતેથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડનો સવા લાખ થી વધુનો મુદામાલ ઝડપી પાડતી દહેજ પોલીસ

રાજેન્દ્રસિંહ ચુડાસમા પોલીસ અધિક્ષક, ભરૂચનાઓએ પ્રોહી/જુગારની અસામાજીક પ્રવૃતિ અટકાવવા માટે આપેલ સુચના અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક ડી.પી.વાઘેલા સા. ભરૂચનાઓના માર્ગદર્શન મુજબ જે.એન.ઝાલા પોલીસ ઈન્સ્પેકટર દહેજનાઓને મળેલ બાતમી આધારે તેઓએ તેમની ટીમ સાથે દહેજ મુકામે વાડી ફળીયામાં રહેતા સતિષકુમાર ઉર્ફે ધર્મેશ ઉર્ફે ધમો બકોરભાઇ પટેલ ના રહેણાંક જુના મકાનમાં ગે.કા. વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો પરપ્રાંતિય વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની જેમા(રોયલ સ્ટેગ,ઓફીસર ચોઈસ, ૦પી. એમ, મેક્ડોવલ્સ નંબર-૧, ડી.એસ.પી. બ્લેક ડીલક્ષ,સેગ્રામ ઈમ્પીરીયર બ્લ્યુ ઓથેન્ટીક ગ્રેન વ્હીસ્કી,બેગ પાઇપર વિગેરે) નાની મોટી બોટલો ૭૫૦ મીલીની ફૂલ-૧૮૪ બોટલ કિ.રૂ.૬૭,૫૧૦/- તથા ૧૮૦મી.લી ની બોટલ નંગ-૫૭૬ કિ.રૂ.૫૭,૬૦૦/- મળી કુલ્લે રૂપિયા-૧,૨૫,૧૧૦/-નો પ્રોહી મુદામાલ પકડી પાડેલ છે. આગામી સમયની અંદર આવા ભારતીય બનાવટના વિદેશી દારૂનો ધંધો કરતા બુટલેગરોને ઝડપી પાડવા દહેજ પોલીસ કટીબધ્ધ છે .આ કામે આગળની તપાસ પો.ઈન્સ.જે.એન.ઝાલા નાઓ ચલાવી રહેલ છે.

રાજપીપળા એસટી ડેપો માંથી અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળ્યો જાણકારોએ રાજપીપળા પોલીસનો સંપર્ક કરવો



રાજપીપળા ટાઉન વિસ્તારમા બસ સ્ટેન્ડ માંથી એક અજાણ્યા પુરુષ નો મૃતદેહ મળી આવેલ છે.જેને શરીરે સફેદ કલરનો ઝભો અને ભૂરા રંગની કાળી ચેક્સ વાળી લૂંગી પહેરેલ છે.જેની ઉંમર આશરે ૫૦ થી ૫૫ વર્ષ ની આસપાસ છે તથા કાળી દાઢી મૂછ તેમજ માથે કાળા રંગના વાળ છે.જે દિવ્યાંગ હોવાનું જણાય છે અને ફકીર હોવાનું જાણવા મળેલ છે જેના ખિસ્સામાં સિવિલ હોસ્પિટલ, રાજપીપળાનો કેસ રિપોર્ટ જેમાં તેનું નામ શબ્બીર દિવાન લખેલ છે. મરણ જનાર ઈસમ ના વાલી વારસ ની તપાસ કરતાં કોઈ વાલી વારસ મળી આવેલ નથી.આ કામે રાજપીપળા પોલીસ એ અકસ્માત મોત દાખલ કરી આગળ ની તપાસ હાથ ધરેલ છે.જો કોઈ આ મરણ જનાર નું વાલી વારસ મળી આવે તો રાજપીપળા પોલીસનો સંપર્ક કરવા વિનંતી છે.

દેડીયાપાડા ખાતે જિલ્લા કલેક્ટર અને પાલિકા ખાતે પાલિકા પ્રમુખના હસ્તે થયેલું ધ્વજવંદન



દેડિયાપાડા ખાતે જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં જિલ્લા કલેક્ટર નિનામા અને રાજપીપળા નગરપાલિકા ખાતે પાલિકા પ્રમુખ જિગીષાબેનના હસ્તે ધ્વજવંદન કરાયું દેડીયાપાડા તાલુકાના વિકાસ માટે રૂા. ૨૫ લાખનો ચેક એનાયત : નર્મદા જિલ્લામાં આન-બાન-શાન સાથે પ્રજાસત્તાક પર્વની દબદબાપૂર્વક થયેલી ભવ્યાતિભવ્ય ઉજવણી

રાજપીપળા : રાષ્ટ્રના ૭૦ માં પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે આજે નર્મદા જિલ્લાના દેડીયાપાડા તાલુકા મથકે પીઠા ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા જિલ્લાકક્ષાના ધ્વજવંદન સમારોહમાં નર્મદા જિલ્લા કલેક્ટર આર.એસ. નિનામાએ રાષ્ટ્ર ધ્વજ લહેરાવીને ત્રિરંગાને સલામી અર્પી હતી. જયારે નગરપાલિકા ખાતે પાલિકા પ્રમુખ જિગીષાબેન ભટ્ટ એ રાષ્ટ્ર ધ્વજ લહેરાવી ત્રિરંગાને સલામી આપ્યા બાદ દેડિયાપાડા કહતે નિનામાએ અને રાજપીપળા પાલિકા ખાતે જિગીષાબેને દેશની આઝાદી બાબતે સંબોધન કર્યું હતું

જિલ્લા કલેક્ટર આર.એસ. નિનામાના હસ્તે દેડીયાપાડા તાલુકાના વિકાસ માટે પ્રાંત અધિકારી ડી.એન.ચૌધરીને રૂા. ૨૫ લાખનો ચેક એનાયત કરાયો હતો. તદ્ઉપરાંત નિનામા સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે જિલ્લામાં ખેલકુદ, સામાજીક વનીકરણ, વન સંરક્ષણ, આરોગ્ય,શિક્ષણ, બાગાયત, મહેસૂલ-કલેકટરાલય અને પોલીસ વિભાગમાં નોંધપાત્ર શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓને પ્રશસ્તિપત્ર એનાયત કરી કરી બહુમાન કરાયું હતું.

દેડિયાપાડા ખાતે પૂર્વ મંત્રી મોતીસિંહ વસાવા, જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના અધ્યક્ષ બહાદુરભાઇ વસાવા, દેડીયાપાડા તાલુકા પંચાયત પ્રમુખ માધવસીંગ વસાવા, જિલ્લાના અગ્રણી અને ગુજરાત પ્રવાસન વિભાગના ડિરેકટર ગજેન્દ્રસિંહ જાડેજા, જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શંકરભાઈ વસાવા, જિલ્લા પોલીસ અધિક્ષક મહેન્દ્ર બગડીયા, નાયબ વન સંરક્ષક પ્રતિક પંડ્યા, પ્રાયોજના વહિવટદાર આર.વી. બારીયા, દેડીયાપાડાના પ્રાંત અધિકારી ડી.એન.ચૌધરી સહિત જિલ્લા વહિવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ, જિલ્લા-તાલુકા પંચાયતના સદસ્યો સહિત અન્ય પદાધિકારીઓ, તાલુકા-જિલ્લાના અગ્રણીઓ, સામાજિક-સ્વૈચ્છિક સંસ્થાના આગેવાનો, શાળાના બાળકો, નગરજનો-જિલ્લાવાસીઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.જયારે પાલિકા ખાતે ચીફ ઓફિસર અમિતભાઈ પંડ્યા સહીત પાલિકા સદસ્યો અને કર્મચારીઓ એ હાજર રહી પ્રજાસત્તાક પર્વ ની ઉજવણી કરી હતી .











